समानो मन्त्रः (ઋગ્વેદ) समानी प्रपा (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઈન

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૪ એપ્રિલ : ૨૦૧૦ અંક : ૧૦

**: પરામર્શનસમિતિ :**

| ભગવતીકુમાર શર્મા | ભોળાભાઈ પટેલ | પ્રફુલ્લ રાવલ |
|---|---|---|
| પ્રમુખ | વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય | પ્રકાશનમંત્રી |

**: તંત્રી :**
યોગેશ જોષી

**: સહતંત્રી :**
પ્રફુલ્લ રાવલ

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ m ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com




અ નુ ક મ

**પરિષદ-પ્રમુખનો પત્ર** સાહિત્યસર્જન : વૈયક્તિક પ્રવૃત્તિ કે સહિયારી ? □ ભગવતીકુમાર શર્મા
**કવિતા** સાંવરો મારો, જોગી ! □લલિત ત્રિવેદી, બારી સુધી જવાશે ? □ગૌરાંગ ઠાકર, શરીરાયણ □રમણીક અગ્રાવત
**વક્તવ્ય** મારી સમકાલીન ગુજરાતી કવિતા (૧૯૮૦થી ૨૦૧૦) □મણિલાલ હ. પટેલ
**સમીક્ષા/ગ્રંથાવલોકન** 'સરહદ' : ચિર મનુષ્યની આંતરભોમમાં ઊગેલાં કાવ્યકુસુમ □દક્ષા વ્યાસ, ગુજરાતના દલિતોની વિકાસગાથાનો દસ્તાવેજ : 'કપરાં ચઢાણ' □બાલકૃષ્ણ આનંદ, વારતા-રસિયાં બાળકો માટેની સ્પે'શલ બસ □ઈશ્વર પરમાર
**પત્રસેતુ** ભોળાભાઈ પટેલ, □ધનરાજ પંડિત
**અહેવાલ** શ્રી નાનુભાઈ નાયક પ્રેરિત સંસ્કાર હૉલ ગુજરાતી સાહિત્ય પરિષદ... □રૂપા એ. શેઠ
**પરિષદવૃત્ત** સંકલન : રાજેન્દ્ર પટેલ, સાહિત્યસિદ્ધાંત શ્રેણી □વિભા ત્રિવેદી
**સાહિત્યવૃત્ત** સંકલન : પ્રફુલ્લ રાવલ
**આવરણચિત્ર** ભરત પંચાલ

# પરિષદ-પ્રમુખનો પત્ર

## સાહિત્યસર્જન : વૈયક્તિક પ્રવૃત્તિ કે સહિયારી ?

'કુમાર'ના સદ્‌ગત તંત્રી બચુભાઈ રાવતે 'કુમાર' કાર્યાલયમાં વર્ષો સુધી 'બુધકવિસભા'નું સંચાલન કરી ગુજરાતી કવિઓની પેઢીઓનું અદ્‌ભુત જતન-સંવર્ધન કર્યું હતું. સિત્તેરના દાયકામાં અમદાવાદ જવાનું થતું ત્યારે 'બુધકવિસભા'નો મેં પણ લાભ લીધો હતો. એ સ્તુત્ય પ્રવૃત્તિ તે પછી 'કુમાર'ના વર્તમાન તંત્રી અને કવિ-વિવેચક ડૉ. ધીરુ પરીખે 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ભવનમાં ચાલુ રાખી. 'સાહિત્ય પરિષદ' અમદાવાદ કાર્યાલયમાં 'સર્જકો સાથે સંવાદ'ની પ્રવૃત્તિ નિયમિત રીતે ચલાવે છે. સુરતના કેટલાક સાહિત્યકાર મિત્રો છેલ્લાં થોડાંક વર્ષોથી 'પરિષદ'ના ઉપક્રમે દર રવિવારે 'સર્જકો સાથે સંવાદ'ની પ્રવૃત્તિનું સંચાલન કરે છે જેમાં નવોદિત સાહિત્યસર્જકો પોતાની કૃતિઓનું વાચન કરે છે, તેના પર ચર્ચા થાય છે અને માર્ગદર્શન આપતા યુવા સર્જકોને તેથી લાભ થાય છે તેવી મારી પ્રતીતિ છે.

'સર્જકો સાથે સંવાદ' જેવી પ્રવૃત્તિના સુફળનું એક પ્રત્યક્ષ પ્રમાણ હાલમાં પ્રાપ્ત થયું. સ્વ. કેતન મુનશી પચાસ-સાઠના દાયકાના આપણી ભાષાના એક તેજસ્વી વાર્તાકાર હતા. દુર્ભાગ્યે તેમનું અતિ યુવાન વયે મૃત્યુ થયું હતું. કેતન મુનશીનું ખરું નામ નચિકેત મુન્સફ. તેઓ મૂળ સુરતના. ગયે વર્ષે તેમનાં સ્વજનોએ સુરતની 'નર્મદ સાહિત્ય સભા'ને વાર્તાસ્પર્ધા યોજવા માટે રૂ. દસ લાખનું મોટું દાન આપ્યું. દાનની શરત અનુસાર માત્ર એક જ વાર્તાને શ્રેષ્ઠ ઠરાવી તેના લેખકને રૂ. પચીસ હજારનું પારિતોષિક અપાય છે. સ્પર્ધાને વાર્તાકારોનો પ્રોત્સાહક પ્રતિસાદ મળે છે. પ્રથમ વર્ષે એકસો સાઠથી વધુ અને આ વર્ષે ત્રણસો સત્તર વાર્તાઓ આયોજકોને મળી હતી. જોગાનુજોગે પ્રથમ બંને વર્ષ ઓછાં જાણીતાં કે અજાણ્યાં વાર્તાકારોને આ પારિતોષિક મળ્યું. પહેલા વર્ષના પારિતોષિક-વિજેતા હતા - સતીશ વૈષ્ણવ; આ વર્ષે દીનાબહેન પંડ્યા એ ઇનામ જીતી ગયાં. મારે અહીં વાત દીનાબહેન અને તેમની પુરસ્કૃત કૃતિ 'ઓહવાટ'ની કરવી છે અને તે પણ 'સર્જકો સાથે સંવાદ'ની પ્રવૃત્તિના સંદર્ભમાં. દીનાબહેનનું નામ વિજેતા રૂપે નિર્ણીત થયું ત્યારે એ નામ અમારે માટે વાર્તાકાર તરીકે સાવ અજાણ્યું હતું, પણ પછી ફોન પર 'પરિષદ'મંત્રી રાજેન્દ્ર પટેલે અને દીનાબહેને રૂબરૂમાં કહ્યું કે 'પરિષદ'ને ઉપક્રમે અમદાવાદમાં 'પરિષદભવન'માં ચાલતી 'સર્જકો સાથે સંવાદ'ની પ્રવૃત્તિમાં આ લેખિકાનાં વાર્તાકાર તરીકેનાં વિકાસ અને ઘડતર થયાં હતાં. રાજેન્દ્રભાઈએ કહ્યું કે દીનાબહેનની વાર્તાને આવું મોટું ઇનામ મળ્યું એ 'પરિષદ' માટે પણ ગૌરવપ્રદ ઘટના છે.

પ્રશ્ન એ થઈ શકે કે સાહિત્યસર્જન એ વૈયક્તિક, નિજી પ્રવૃત્તિ છે કે સામુદાયિક ? ઉત્તરમાં એમ કહેવાનું મન થાય કે તત્ત્વતઃ સાહિત્યસર્જન વૈયક્તિક પ્રવૃત્તિ છે, પણ તે સાથે સહિયારા ઉપક્રમે તેને સંમાર્જનની તક મળી શકે અને તે સર્જક તથા તેની કૃતિ માટે ઇષ્ટ નીવડવાનો સંભવ રહે.

આવી સહિયારી સર્જન-સંમાર્જનપ્રવૃત્તિનાં અનેક ઉદાહરણો સ્મરણે ચઢે છે.





ચાળીસના દાયકામાં સુરતના નવાપરા, કરવા રોડ પર ગઝલગુરુ અમીન આઝાદની સાઇકલ-સમારકામની દુકાન હતી જે વાસ્તવમાં ગઝલની પાઠશાળા હતી. ત્યાં પંક્ચર-દુરસ્તી ઓછી અને ગઝલ-ઇસ્લાહ વધારે થતી. પરંપરાવાદી ગુજરાતી ગઝલકારોની એક આખી પેઢી એ દુકાન પર ઊછરી હતી. પચાસના દાયકામાં મેં ગઝલો લખવા માંડી તે પછી સદ્‌ગત ગઝલકાર મિત્ર મનહરલાલ ચોકસીની સાથે બેસીને અમે બંનેએ 'ફિલબદી' (તત્કાળ) રૂપે આશરે પાંચસો જેટલી ગઝલો લખી હશે. શાસ્ત્રીય સંગીતકારો દિવસના સોળ કે અઢાર કલાકના રિયાઝ માટે પ્રસિદ્ધ છે. ક્રિકેટરોને પણ નિયમિત નેટ-પ્રૅક્ટિસ વિના ચાલતું નથી. અમારે માટે ફિલબદી ગઝલ-લેખન રિયાઝ સમાન હતું.

સાઠના દાયકામાં 'રે' મઠ તેની સામૂહિક સાહિત્યસર્જનપ્રવૃત્તિ માટે વિખ્યાત બન્યો હતો. એ પ્રવૃત્તિ સફળ તો હતી જ. સાઠ-સિત્તેરના દાયકામાં મુંબઈમાં કેટલાક વાર્તાકારમિત્રોએ વર્ષો સુધી વાર્તાવર્તુળ ચલાવ્યું હતું. સુરતમાં 'અખિલ હિંદ મહિલા પરિષદ'ની બૃહદ્ શાખાને ઉપક્રમે રચાયેલા 'વાચકમંચ'ના નેજા હેઠળ બહેનોને વાર્તા-કવિતાલેખનનું પ્રશિક્ષણ પૂર્વ'પરિષદ'મંત્રી રવીન્દ્ર પારેખ આપે છે. એ વર્કશોપની ફલશ્રુતિ રૂપે સ્મિતા પારેખ જેવા આશાસ્પદ વાર્તાલેખિકા ઊભર્યાં છે. રવીન્દ્ર પારેખે બારડોલી જઈને પણ લાંબા સમય સુધી વાર્તાલેખનના વર્ગોનું સંચાલન કર્યું હતું. સુરત તેની ગઝલ-લેખન શિબિર-પ્રવૃત્તિ માટે પણ જાણીતું છે. અગ્રણી ગઝલકાર નયન દેસાઈએ સંખ્યાબંધ યુવક-યુવતીઓને ગઝલના છંદોનું શિક્ષણ આપ્યું છે. હવે અન્ય નગરોમાં જઈને પણ ગઝલવર્ગો ચલાવે છે. વલસાડમાં પણ સાહિત્યસર્જન પ્રશિક્ષણની પ્રવૃત્તિ ચાલે છે. આવી પ્રવૃત્તિઓ અન્યત્ર પણ ચાલતી જ હશે.

ઉર્દૂ ગઝલ-લેખનક્ષેત્રે ઇસ્લાહની પરંપરા સુસ્થાપિત છે. 'ઇસ્લાહ'નો શબ્દાર્થ 'હજામત'. ઉસ્તાદ-શાગિર્દ-સંબંધોની દૃઢમૂલ પરંપરાની એ નીપજ. હવે કદાચ એ પ્રવૃત્તિ અને પરંપરા એટલી વ્યાપક નહિ હોય. ઉર્દૂમાં તરહી અર્થાત્ પંક્તિ પરના મુશાયરાનું ઘણું પ્રવચન હતું. ગુજરાતી પરંપરાવાદી ગઝલના દૌરમાં પણ ઘણા તરહી મુશાયરાઓ થતા. એ એક પ્રકારની સહિયારી ગઝલ-સર્જન-સંમાર્જનપ્રવૃત્તિ હતી. હવે તેનું ચલણ ઓસરી ગયું છે.

અમદાવાદમાં 'આકંઠ સાબરમતી'ની નાટ્યલેખન-મંચનપ્રવૃત્તિ ચાલતી હતી. તેમાં ઇમ્પ્રોવાઇઝેશન દ્વારા એક નાટિકાને ઇવૉલ્વ કરવાનો ઉપક્રમ ખાસ્સો ફળદાયી નીવડ્યો હતો. સાઠના દાયકામાં અમે સુરતના કેટલાક નવલકથાકારોએ સહિયારી નવલકથા લખવાના બે પ્રયોગો કર્યા હતા. એક વાર સુરતમાં કોઈક સર્વિસકલબની સભામાં અમે પાંચેક સુરતી વાર્તાકારોએ સહિયારા વાર્તાલેખન-કથન-પઠનનો પ્રયોગ પણ કર્યો હતો.

આવા પ્રયોગો-ઉપક્રમોની સફળતા-અસફળતા મારે મન અતિ ગૌણ બાબત છે. મહત્ત્વ સહિયારાપણાની ભાવનાનું છે. આવા સંવાદો, શિબિરો, કાર્યશાળાઓ ઇત્યાદિની સૌથી મહત્ત્વની ઉપલબ્ધિ એ કે તે દ્વારા સર્જકોને સર્જનપોષક આબોહવા, પ્રાણવાયુ- પ્રદાયક વાતાવરણ અને સંમાર્જનની સુવિધા મળી શકે છે.

નિરંતર, સઘન સાહિત્યિક આબોહવાનો સંસ્પર્શ સાહિત્યસર્જન માટે પરિપોષ આપનારો બની શકે છે તેનો મને પૂરતો સ્વાનુભવ છે.

તા. ૧૫-૩-૨૦૧૦ **ભગવતીકુમાર શર્મા**

# કવિતા

## સાંવરો મારો – | લલિત ત્રિવેદી

ખમીસ નોખું છે નોખો છે બાજરો મારો,
અલગ છે બેસણાં મારાં ને ચોતરો મારો.

મને પડી ગયો છે એવો મ્હાવરો મારો,
છે જેવો આવરો એવો છે જાવરો મારો.

છે એ જ ડાયરો મારો... ઉજાગરો મારો...
અખંડ ગોખલો મારો છે આશરો મારો.

તું માર કાંકરી મોહે ઔર ફોડ દે ગગરી,
હવે તો તું જ કાઢી નાખ કાંકરો મારો.

ઉપર ઉપરથી ન જોજે તું મારી આંખમાં જોજે,
રખે તું માનતો કાગળ છે છીછરો મારો.

ભલો રણકાવીને દીધો છે રોટલો તેં મને,
ભલો રણકાવીને રાખ્યો તેં સાંવરો મારો !

## બારી સુધી જવાશે ? | ગૌરાંગ ઠાકર

પડઘાની વાત છોડો, પણ બૂમ તો પડાશે,
ખુદને મળી જવાનું, વાતાવરણ રચાશે.

ઘરડા થયેલા વૃક્ષે, ફૂટપાથને કહ્યું કે,
મારાથી છાંયડો નહિ, બસ બાંકડો થવાશે.

અત્તરની પાલખી લઈ, ઊભો હશે પવન, પણ
તારાથી દોસ્ત કેવળ, બારી સુધી જવાશે ?

દીવાનગીનો ફાળો, ઓછો નથી પ્રણયમાં,
હારી ગયાં કે જીતી, બન્ને ભૂલી શકાશે.

મિત્રો, તમે જવા દો, આ ભાગ્યની છે પીડા,
પાણીમાં માછલીનાં, આંસુ નહિ લુછાશે.

## શરીરાયણ | રમણીક અગ્રાવત

શરીર બધું સમજે છે.
સમજદારીના ઝીણા ઝીણા ઝીણા સંદેશા
માંહ્યોમાંહ્ય વહ્યા કરે શરીરમાં અવિરત.
જરાક જેટલું ય વાંકું પડે ત્યાં
વિરોધનો સૂર વહેતો મૂકે શરીર.
અને આપણે –
શરીરમાં રહીને ય
જાણે શરીરની સામે.

વીતે વરસોનાં વરસ શરીરમાં
તેની જરા ય પિછાણ વિના
પોતાનાં શરીર બહાર નીકળ્યાં જ નથી જે કદી
એ શું જાણે શરીરને ?
શરીર પાર જવાની હામ ખોઈ બેઠેલા
વળગી રહે માત્ર ટેવને, ઇચ્છાને.

જનમ-મરણના બે કાંઠા વચ્ચે
વહે સરસર વહેણ
ઘટનાઓનાં ઝાંખરાં, ફીણ
બનાવોનાં જાળાં, ભાતભાતનાં અફીણ
લાગણીઓના સ્રાવ
અને નકરું લાવલાવલાવનું ઘમસાણ
અનંત સમયની અવધિમાંથી
વેતરી લે શરીર
એનો ટચૂકડો પનો.

**વક્તવ્ય**

# મારી સમકાલીન ગુજરાતી કવિતા (૧૯૮૦થી ૨૦૧૦)

**મણિલાલ હ. પટેલ**

કાવ્યગુણની દૃષ્ટિએ, ગુજરાતી કવિતાને, એના દરેક સ્થિત્યંતરે પાંચ-સાત ઉત્તમ કવિઓ તથા ગુણવત્તાસભર યાદગાર કવિતામાં પણ ગુજરાતી કવિતાની ખાસ્સી અને વિશિષ્ટ હિસ્સેદારી રહી છે. આત્મશ્લાઘાથી બચવા માગતો કોઈ પણ નીવડેલો ગુજરાતી કવિ પોતાની કે પોતાની કવિતાની વડાઈ કે પ્રશંસા કરતો નથી. એટલે એને ઓછો આંકવાની ભૂલ કરવા જેવી નથી.

અનુઆધુનિક કવિતા, એટલે કે છેલ્લા અઢી-ત્રણ દાયકાની ગુજરાતી કવિતાના પ્રમુખ કવિ-અવાજો, કહો કે કવિ-પેઢી આ પ્રમાણે છે. ('આપણી કવિતાસમૃદ્ધિ'ના ઉત્તરાર્ધમાં ચન્દ્રકાન્ત ટોપીવાળા પણ આવાં જ નામો ને કામો ગણાવે છે.) :

હરીશ મીનાશ્રુ, યજ્ઞેશ દવે, નીતિન મહેતા, જયદેવ શુક્લ, વિનોદ જોશી, મણિલાલ હ. પટેલ, પન્ના નાયક, દલપત પઢિયાર, સંજુ વાળા, બાબુ સુથાર, નીરવ પટેલ, રાજેશ વ્યાસ 'મિસ્કીન', મનીષા જોષી, રાજેશ પંડ્યા, દિલીપ ઝવેરી.

આ ઉપરાંત કેટલાક નોખા કવિઅવાજો પોતાનો આગવો પરિચય કવિતા દ્વારા પ્રગટાવતા રહ્યા છે તેમાં – રમણીક સોમેશ્વર, જયેન્દ્ર શેખડીવાળા, રાજેન્દ્ર પટેલ, મુકુલ ચોકસી, પ્રવીણ ગઢવી, મંગળ રાઠોડ, હર્ષદ ત્રિવેદી, રમણીક અગ્રાવત, કાનજી પટેલ, ઉજમશી, કમલ વોરા, ભરત નાયક, યોગેશ જોષી, વિનોદ ગાંધી, વીંઝુડા ભરત, વસંત જોશી, મહેન્દ્ર જોશી, ઉદયન ઠક્કર, મૂકેશ વૈદ્ય, ઉષા ઉપાધ્યાય, સંસ્કૃતિરાણી દેસાઈ, બકુલ ટેલર, ચન્દ્રકાન્ત શાહ, મનોહર ત્રિવેદી વગેરેની નોંધ લઈ શકાય. આ બધા કવિઓએ અનુઆધુનિક ગુજરાતી કવિતાને વિવિધ આયામી અભિવ્યક્તિરૂપોથી, નોખો ચહેરો રચી આપ્યો છે.

કદાચ, દરેક ભાષામાં અને દરેકજમાનામાં બને છે તેમ અનેક કવિપદવાંછુંઓ સપાટ, કૃતક અને કાવ્યભાસી શબ્દાનુકરણો ગુજરાતીમાં પણ કરતા જ રહે છે. પણ એવાં અનેક ચબરાકિયાં લખાણોનો ઝાઝો પ્રભાવ પડતો નથી, એમાં પણ કવિતાના સારા નમૂનાઓનો સવિશેષ ફાળો છે. ગીત, ગઝલ, અ-છાંદસ તથા છંદોલયયુક્ત કવિતા રચવાનાં વલણો ગુજરાતી કવિતામાં દેખાતાં રહે છે. અલબત્ત, છંદોલયમાં લખનારા ઘણા ઓછા છે...

મારા સમકાલીનોની કવિતાની કેટલીક વિલક્ષણતાઓ તમને જણાવું તે આ પ્રમાણે છે :

- એમાં ગ્રામચેતના છે ને વ્યતીતરાગ તથા ઘરઝુરાપો છે.
- એમાં યંત્રીકરણ – શહેરીકરણ પછીના જડ, કઠોર અને મૂલ્યહીન સમાજનું ચિત્રણ છે.
- એમાં દલિતો-પીડિતોની સ્વાનુભૂત વેદના છે.
- મારી સમકાલીન કવિતામાં નારીની પોતાના સ્વ-ત્વની ખોજ છે.
- એમાં પરંપરા અને પ્રકૃતિવિચ્છેદની પીડાઓ છે.
- પ્રેમ, શાંતિ અને મૂળ ચેતનતત્ત્વને પામવા માટેનો વલવલાટ (તરસ) છે.
- ક્યાંક નર્યું નફકરું મસ્તીનું ગાન છે...
- ભાવસંવેદનને સહજ અને સદ્યોગમ્ય અભિવ્યક્તિ દ્વારા રજૂ કરવાની ખેવના છે.
- દરેક સારો કવિ નિજી ભાવાભિવ્યક્તિની મુદ્રાઓ રચવા માટે મથામણ કરે છે ને નિરાયાસ કવિતાની સિદ્ધિ સાથે પેશ થાય છે.
- ભાષા માધ્યમ રહે કે સાધન મટીને સાધ્ય સુધી પહોંચે – એ ભાષાકર્મ-કવિધર્મ ચૂકતો નથી.
- પૂર્વજ-દીધી પરંપરાઓનો નવી રીતેભાતે વિનિયોગ કરીને સાંપ્રતનો સાચુકલો પરિચય કરાવે છે.
- મારી સમકાલીન ગુજરાતી કવિતા (૧૯૮૦થી ૨૦૧૦)માં ગુજરાતી ભાષાતરેહો, અસ્મિતા, જીવનલય સાથે ભારતીય પ્રજાની માનસિકતા તથા માનવીય અભિગમની પ્રતીતિ થતી રહે છે.

બાબુ સુથાર નામનો મારો સમકાલીન (મારા વતનપ્રદેશનો પણ ખરો) કવિ અમેરિકામાં વસતો – શ્વસતો રહીને ઘરઝુરાપાની કવિતા લખે છે – એમાં વસાહતીની પીડાઓ પણ પમાય છે. પોતાનું ગામ, રાતે શમણામાં આવે છે અને અમેરિકાના નગર સાથે juxtapose થયા કરે છે. બાબુ સુથારની કવિતા બહુપરિમાણી છે. જુઓ :

- ઘરઝુરાપાનાં કાવ્યોમાં એક કાવ્ય વાવાઝોડાનું છે. પ્રથમ વરસાદ પહેલાંની આંધી ચડી છે ને સાધારણ ગામ પર વાવાઝોડું ત્રાટકે છે. બાપા ઘરની છતને સાચવવા મિથ્યા મથે છે. સૌ પોતપોતાનું કૈં ને કૈં બચાવવામાં મચેલાં છે... પણ વાવાઝોડું સૌને તબાહ કરી દે છે... આ ચિત્ર માત્ર ગુજરાતી કે ભારતીય ન રહેતાં વૈશ્વિક બને છે ને આ વાવાઝોડું પણ અનેક આક્રમણોનું પ્રતીક બની રહે છે. માનવનિયતિનો પણ અહીં સંકેત છે.
- કોમી દંગા-ફસાદ કરનારા હલકટ સેતાનો વિશે બાબુ જુદી રીતે કવિતા લખે છે. લીલા – રાતા – ભગવા રંગના કાચિંડાઓનું રૂપક રચીને માનવતાના શત્રુઓને કવિ ફટકારે છે.
- 'ગુરુજાય અને માંલ્લું' તો એક સળંગ કાવ્યરચના જ ગણાવી શકાય. કવિ અહીં પરંપરાગત ભૂતપ્રેત, મંત્રતંત્ર તથા ભૂવાજાપ દ્વારા પ્રજાની અંધશ્રદ્ધા તથા વહેમશંકાને વર્ણવે છે. ગરીબ, નિઃસહાય પ્રજાની લાચારીનો એક ચહેરો અહીં દેખી શકાય છે, જે આપણી પ્રગતિની વાતોને પડકારે છે.

કોણ કહે છે ગુજરાતીમાં પ્રતિબદ્ધ કવિતા નથી રચાતી ??

- આજે ચારે બાજુ વૈશ્વિકીકરણ અને પર્યાવરણ-પ્રદૂષણનો જોરદાર પવન વાઈ રહ્યો છે ત્યારે, ગ્રામચેતનાનો સબળ આવિષ્કાર જેમની કવિતામાં છે, તે મણિલાલ હ. પટેલ કહે છે :

**‘ડાળ ડાળથી ખરી જવાના અવસર આવ્યા,**
**કૂંપળ સુધી ફરી જવાના અવસર આવ્યા.**

**જળમાં તળમાં દીવા બળતા દશે દિશામાં**
**દૂર મલકમાં ફરી જવાના અવસર આવ્યા...**

કવિની ઝંખના છે મૂળ પ્રકૃતિ સાથે તદ્રૂપ થવાની, પરંતુ કવિની વેદના તો છે વિચ્છેદની ! પ્રકૃતિ સાથેનો વિચ્છેદ. તળ જીવનથી – પરંપરાગત માનવમૂલ્યોથી વિચ્છેદ. મારી સમકાલીન કવિતામાં આવા બહુમુખી વિચ્છેદનું બહુસ્તરીય અને સમૃદ્ધ આલેખન છે :

**બાની સાથે ગયું બાળપણ : ગામ જવાની હઠ છોડી દે,**
**વસતિ વચ્ચે વિસ્તરતું રણ : ગામ જવાની હઠ છોડી દે.**

**બન્યો ડૅમ ને નદી સૂકાઈ : ગામ જવાની હઠ છોડી દે,**
**ખેતર વૃક્ષો ગયાં કપાઈ : ગામ જવાની હઠ છોડી દે.**

**છાશ રોટલાં ગયાં વસૂકી : ગામ જવાની હઠ છોડી દે,**
**માટીએ પણ માયા મૂકી : ગામ જવાની હઠ છોડી દે.**

યંત્રયુગે ભૌતિક સગવડો ને કહેવાતી સમૃદ્ધિ આપ્યાં ખરાં, પણ અસલ જીવન, શાંતિ અને પ્રેમભાવ છીનવી લીધાં છે. જે વરવું શહેરીકરણ થયું છે તેનો ચહેરો કેવોક છે ? એનો વિડંબનાપૂર્વક પરિચય આપે છે કવિશ્રી યજ્ઞેશ દવે ! ‘મારી શેરી’ કાવ્યના થોડાક અંશો જુઓ :

**‘જ્યાં બાળક ભાષાની પહેલાં ગાળ શીખે છે,**
**જ્યાં દિવસે અંધારી નવેળીમાં પ્રૌઢ સ્ત્રીઓ**
**નજર ચૂકવી/પેશાબ કરવા જાય છે ઝટપટ**
**જ્યાં ચાર વર્ષની છોકરી હાજત જતી વખતે –**
**આબરૂ ઢાંકે છે ટૂંકા ફ્રૉકથી**
**જ્યાં આછા કણસાટથી બબડતું શરીર**
**ઊંઘ ઘેરાયેલી આંખે**
**આવતી કાલના સૂર્યની રાહ જુએ છે – વરસોવરસથી !’**

વાસ્તવની આવી તીક્ષ્ણ અભિવ્યક્તિ આધુનિકો પાસે ક્યારેય ન્હોતી ! વાસ્તવવાદી બન્યા વગર વાસ્તવનાં વરવાં રૂપોને નકરી ચિત્રાત્મકતાથી રજૂ કરતાં આ કવિ વ્યંગનો આશ્રય લઈને વર્તમાન રાજકારણની સેતાનિયતને તીખા કોરડાથી જાણે કે ફટકારે છે : –

**‘નળિયાં પર પહોળા પગ કરી બેઠેલો તડકો / ને /**
**નવેળીની ગંદી ગટરમાં પોતાનું મોં જોતો સૂર્ય**
**મસ્જિદના બે સફેદ મિનારા આકાશની છાતીને –**
**તાકે છે શૂળની જેમ...’**

S



**‘આ શેરીનો એક છેડો ખૂલે શિકાગોના સબર્બમાં**
**ને બીજો છેડો ખૂલે કલકત્તાની બસ્તીમાં**
**સામ્યવાદનું હળ શેરી સોંસરું ચાલે ખચ્ચ –**
**ખચકાતું ખચકાતું...**
**સમાજવાદનો પોપટ પઢ્યા કરે ઢમઢમ ઢંઢેરામાં**
**શેરીનો કૂતરો જો મતપત્રક પર સિક્કો મારી શકતો હોત !**
**તો ! તેને પણ કાપડનો તાકો મળ્યો હોત –**
**તે પણ પાંચ મીટર પૂરો, હોં !’**

S

કાવ્યાત્મકતાને અળપાવ્યા દીધા વિના કમિટમેન્ટને આગળ કરતી મારી ભાષાની કવિતા બધી ભાષાઓમાં પણ આગળ જ છે... હા, બેલાશક !!

ચારે બાજુએ અરાજકતા છે, હતાશા છે, કૈંક વિષાદ ઘૂંટાતો જાય છે. આકાશના તારાઓ જેવી ચળકતી શક્યતાઓને પણ ઠંડાંગાર – બર્ફીલાં શાસક વલણોએ થિજાવી – બુઝાવી દીધી છે. આ શારી નાખતી વ્યથાવેદનાને મારો સમકાલીન કવિ જયદેવ શુક્લ અ-પૂર્વ કાવ્યત્વથી રજૂ કરે છે. માણીએ : – **‘માગસરની અમાવાસ્યા’**

*‘આકાશના / લાખ્ખો કરોડો / અબ્બજો કાણાં / ચમકતા બરફથી / પુરાઈ ગયાં છે / કાંટાળા અંધકારમાં / એ / અસંખ્ય વિકરાળ પ્રાણીઓની / આંખો જેવાં / ચમકે છે / ગોટેગોટા અંધકાર છવાતો જાય છે / કાળા કાળા ગઠ્ઠા / આમતેમ અથડાય છે / શ્વાસ ડચૂરાય છે*
*જો સૂરજ ઊગે તો... / કદાચ... / સવારે સૂરજ પણ / બરફનું ગચ્ચું બની જાય તો ?! / કાંટાળા અંધકારમાં / દીવા... સળી / શોધું છું / વાટ જડતી નથી...’*

બહુસ્તરીય અભિવ્યક્તિ કરતી આ રચનામાં કવિની વ્યથાવેદના કાંટાની જેમ આપણને ભોંકાય છે ને અંતની અસહાયતા વિહ્વળ કરી મૂકે છે. જયદેવ શુક્લની કવિતા બીજા પણ અનેક ઉન્મેષો ધરાવે – પ્રગટાવે છે. બ્રાહ્મણ સંસ્કાર, સંગીત તથા ચિત્ર સાથેનો લગાવ આપણા આ કવિની કવિતાને વિશેષ પરિમાણો આપે છે એથી આપણી કવિતા ખાસ્સી સમૃદ્ધ બની છે.

મારી ભાષાનો બીજો સમર્થ અને પ્રાણવંતો કવિ હરીશ મીનાશ્રુ છે. ગીત-ગઝલ-દીર્ઘકવિતા – છંદોલયયુક્ત રચનાઓ દ્વારા જે પૌરાણિક સંદર્ભોને વર્તમાનને અજવાળે નવેસર ઓળખાવે છે ને સાંપ્રત જીવનના મૂલ્યહ્રાસને ઉજાગર કરે છે. માનવજાતની સમસ્યાઓને પામવા પંડનાં ને પરંપરાનાં પડ-પડળો ઉકેલવાં પડે... આ અઘરો પડકાર આ કવિ ઉપાડે છે ને કવિત્વના બળે પાર પાડે છે... ‘નાચિકેત સૂત્ર’ રચનાનો આ પ્રારંભ જ જુઓને !

*‘જે / બાળે છે, ઝાળે છે / ગાળે ઓગાળે પિગાળે છે / જે / ખળખળ ઉકાળે છે / પળમાં પ્રજાળે છે / જે / લગની ને લાહ્ય / સ્ટૉક માર્કેટની માંહ્ય / લગાડે*

*છે હાય / જે / તાવે છે / તપસીને તપાવે છે, સતિયાને સતાવે છે / ઊભરાઈને અળાઈમાં, તળે છે તળાઈમાં સુખિયાંને / ઉતારે છે કીડીને માથે કટક, તેતરને માથે તવાઈ...'*

*'જે / ભડભડ વરસાવે છે ઓલા / પાડે છે ફરફોલા પૃથ્વીના પોલાવાંસે / જે / તડતડ તતડાવે છે તારકોને, ખદખદાવે છે ખગોળને / ભડકાવે છે ભૂગોળને, ફૂંકી મારે છે નામ નગર ને નકશા / ફેંકે છે પેટ્રોલના કાલિયદ્રહમાં તણખાનાં કંદુક ને બંદૂકનાં બચ્ચાં / ઉછેરે છે પેન્ટાગનના પોલ્ટ્રીફાર્મમાં / જે / છોડે છે મિસાઇલ્સ / મનોમય કોપમાં, પ્રગટાવે છે સ્ફુલ્લિંગને / ઇચ્છાની આતશબાજી કરી, પલકમાં હોલવાઈ જાય છે ભપ્ભપ્...'*

S

અહીં આતંક, યુદ્ધો, જેહાદ, મૂલ્યહ્રાસ અને ફોલી ખાનારી સત્તાઓની વાત ઠંડી તાકાત સાથે મુકાઈ છે... એની સાથે અગ્નિ / સૂર્યની સત્તા – અશેષ સત્તા આગળ લાચાર માનવનિયતિની વાતને કવિ કાવ્યપૂર્ણ અભિવ્યક્તિ આપે છે. વિવિધ સ્વરૂપોમાં આંતરવાચનાઓ પ્રયોજીને આ કવિ ગુજરાતી કવિતાને ઊંચે ઉઠાવે છે.

ભાષાનું સરકારીકરણ થતું જાય છે અને શબ્દનાં નાકાં તૂટવા લાગ્યાં છે એથી કવિ ચિંતિત છે... પોતાના તળ-મૂળની શોધમાં દલપત પઢિયાર અને સંજુ વાળા જેવા કવિઓ ગીતને સંતપરંપરા સાથે સાંકળીને સમૃદ્ધ બનાવે છે... ગઝલ દ્વારા મિસ્કીન આ દિશામાં ધ્યાનપાત્ર કામ કરી રહ્યા છે. શ્યામ સાધુ પછીનો આ બળૂકો અવાજ છે.

આ પસંદગી વગરના (ચૉઇસલેસ) જગતમાં માણસ સાવ 'એકલો' (લૉનલી) છે. અસ્તિત્વવાદે કરેલી આ નુકતેચીનીને મારો સમકાલીન ગુજરાતી ગઝલકાર આ રીતે મૂકે છે :

**સાવ જૂઠું જગત કોઈ તારું નથી,**
**મૂક સઘળી મમત કોઈ તારું નથી.**

**કોણ કોનું ? અને એય પણ ક્યાં લગી ?**
**છે બધું મનઘડત કોઈ તારું નથી.**

**જે પળે જાણશે સોંસરો સળગશે,**
**આ બધી છે રમત કોઈ તારું નથી.**

**કોઈ ઉંબર સુધી કોઈ પાદર સુધી,**
**છેક સુધી સતત કોઈ તારું નથી.**

**કઈ રીતે હું મનાવું તને બોલ મન,**
**બોલ, લાગી શરત કોઈ તારું નથી.**

**કોઈ એકાદ જણ, એય બેચાર પળ,**
**કે અહીં હરવખત કોઈ તારું નથી.**

**– મિસ્કીન**



મહાનગરમાં જીવતો સાધારણ માણસ કવિ નીતિન મહેતાના રસનો અને કવિતાનો વિષય બને છે. રોજિંદા જીવનનો મૂંઝારો, નાની નાની સમસ્યાઓ સામે ઝૂઝવાની મથામણ અને નિરર્થક હોવાપણાનો બોધ નીતિન મહેતાની કવિતામાં પ્રગટે છે અને વિષાદ જગાવે છે. ઉદયન ઠક્કરની તથા રાજેન્દ્ર પટેલની રચનાઓને પણ આ પરિપ્રેક્ષ્યમાં પ્રમાણી શકાશે.

કવિશ્રી વિનોદ જોશીની કવિતામાં નારી અને એના મનોજગતની વિવિધ મુદ્રાઓ પ્રભાવક રીતે પ્રગટે છે. એમાં લોકલય તથા લોકભાષાની સંવાહિતા કામણ જન્માવે છે :

**'હું પેડુએ પાતળી મારો પરણ્યો ઊભો વાંસ**
**ભટકાણો ભરનીંદરમાં મધરાતે વાગી ફાંસ;**
**વાટું અરડૂસી બે વાર / ચાટું ઓસડ બીજાં બાર**
**બાઈજીનો બેટો (ઘણી ખમા !) મુંને થઈ બેઠો વળગાડ...**
**આછાં આછાં રે તળાવ...'**

S

પુરુષ સાથે નારીના સંયોગની, છલનાની અને કઠોર આક્રમક રૂખની વાત, સ્ત્રીના દૃષ્ટિકોણથી, ગુજરાતી કવિતામાં મનીષા જોષી અને પન્ના નાયક નોખી રીતે કરે છે. આ બંને ઉપરાંત ઉષા ઉપાધ્યાય અને સંસ્કૃતિરાણી દેસાઈ તથા હમણાં હમણાંથી એષા દાદાવાલાનો અવાજ પોતપોતાની આગવી ઓળખ માટે મથામણ કરતો સંભળાય છે.

વસાહતીની સંવેદનાઓને વ્યક્ત કરતા અવાજોમાં શ્રી અદમ ટંકારવી અને ચન્દ્રકાન્ત શાહની રચનાઓ સંવેદના અને કાવ્યત્વ ઉભય રીતે આકર્ષે છે. કવિશ્રી નીરવ પટેલ અને પ્રવીણ ગઢવી દલિત કવિતાના સબળ કવિઓ તરીકે મોખરે છે. બંનેની કવિતામાં છીછરા આક્રોશને બદલે સંયત વિદ્રોહ છે, વેઠ્યાની વેદનાને સ્વસ્થ અને પ્રભાવક રીતે રજૂ કરવાની કવિસૂઝ છે. ભૂતકાળને આગળ કરીને ભાંડવાથી કવિતા નથી થતી, પોતાના સમયનાં સાંસ્કૃતિક પરિબળોને પણ ઓળખીને કવિતા વડે નૂતન પરિપ્રેક્ષ્ય રચવાનો હોય છે. મારા સમકાલીન કવિઓ આ સફળતાપૂર્વક કરી રહ્યાનો આનંદ છે.

---

સાહિત્ય અકાદમી (દિલ્હી) આયોજિત 'વેસ્ટ રિજ્યોનલ પોએટ્રી ફેસ્ટિવલ', જાલના (ઔરંગાબાદ) ખાતે તા. ૬-૨-૧૦ના રોજ રજૂ કરેલ પેપર (હિન્દી)માં – મૂળ ગુજરાતીમાં.

r

# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને ‘પરબ’ના લવાજમ અંગે :

- ‘પરબ’ દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- ‘પરબ’ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- ‘પરબ’નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે ‘પરબ’નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં ‘પરબ’ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- ‘પરબ’ લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના નામે જ મોકલવી.

## લેખકોને :

- ‘પરબ’માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, ‘પરબ’ ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯





## ‘સરહદ’ : ચિર મનુષ્યની આંતરભોમમાં ઊગેલાં કાવ્યકુસુમ | દક્ષા વ્યાસ

‘સરહદ’ મૂળમાં હિન્દી ભાષામાં રચાયેલો મનોહર બાથમનો કાવ્યસંગ્રહ છે. તેની પ્રસ્તાવનામાં કવિ બહુ સૂચક રીતે નિર્મલ વર્માનું આ વિધાન ટાંકે છે : ‘‘કેટલીક યાતનાઓનું વ્યાકરણ માત્ર એમને ભોગવનાર જ સમજી શકે છે – બીજા લોકો માટે એ અજાણી લિપિ બની રહે છે.’’ કુ. અયના પટેલે પ્રસ્તુત સંગ્રહનાં કાવ્યોનો સફળ ગુજરાતી અનુવાદ કરીને આપણને આ ‘અજાણી લિપિ’ને હૈયાથી ઉકેલવાની અનુકૂળતા કરી આપી છે.

‘સરહદ’ની કવિતા સીમાસુરક્ષા દળના અધિકારી એવા એક સૈનિકના લાગણભીના – સંવેદનશીલ હૃદયનો, એના જીવનસંઘર્ષનો અને માનવહૃદયની ઉદાત્તતાનો પરિચય કરાવે છે. સંગ્રહની ૬૭ ગદ્યકવિતામાં યુદ્ધની વ્યર્થતા, આતંકવાદી પ્રવૃત્તિ, સરહદ પરના સંઘર્ષો, સૈનિકના જીવનની કઠણાઈ જેવી વાસ્તવિકતાઓ વચ્ચે ધબકતું માનવહૃદય સતત આપણને પકડી રાખે છે. ‘મારા અગિયારસો પંચોતેર ભાઈ’માં બટેલિયનની આપ-ઓળખ અપાય છે : ‘અમારે નામ નહીં, નંબર હોય છે.’ વક્રતા અને વેદનાના ગાણાવાણા અહીં સતત [illegible] છે :

**બેઉ મુલક અમારાં માઈબાપ**
**અમને સંભાળે બેઉ ભેગા મળીને !**

**......**

**અમેસ્તો છીએ ભાગલાનાં ફરજંદ**
**છાતી કાઢીને કેવા ઊભા છીએ !** (૬)

એક એક સીધીસાદી પંક્તિમાંથી વેધક વેદના અને માર્મિક કટાક્ષના કાકુ ઊઠતા રહે છે. એ જ આ કૃતિઓનો આસ્વાદ્ય વિષય છે. ખભે બંદૂક ટેકવીને ઊભેલો અને નાળચું તાકીને આંટાફેરા કરતો એ જવાન યુદ્ધની નિરર્થકતાને બરાબર સમજે છે :

**એની ગોળીઓ અને મારા ગોળા**
**એકબીજાને ઓછા પડે છે**
**છતાં ફૂટ્યા કરે છે**
**અને પાડ્યાં કરે છે**
**અસંખ્ય કાણાં.** (૧૭)

એને ખબર છે કે મગજની સાથે ઘાયલ થયેલા આત્માઓમાં પડેલાં એ કાણાં હમણાં નહીં દેખાય, પણ આવનારી પેઢીનાં દૂઝતાં જખમોમાં અવશ્ય દેખાશે – જ્યારે પસ્તાવો કરવાનો સમય નહીં હોય. અહીં યુદ્ધસ્થ કથા રમ્યા નથી, અહીં તો છે યુદ્ધાંતે યુધિષ્ઠિરને

જન્મેલા વિષાદની લાગણીઓ. પ્રશ્ન આવે છે :

**લડ્યા બાદ વર્ષો પછી જ**
**દરેક જણ કેમ આંસુ સારે છે ?** (૨૧)

સરહદી સલામતી દળના સિપાહીનું જીવન રુક્ષ, કઠોર, કઠિન અને એકલવાયું છે. ૧૪૦૦૦ ફીટ ઉપર બેસીને ચોકી કરવી એટલે શું ?

**બરફમાં**
**ચૌદ હજાર ફૂટે**
**હવા સુધ્ધાં થીજી ગઈ છે.** (૬૮)

હવા જ્યાં થીજી જાય છે ત્યાં માણસ જેવા માણસના શા હાલ થશે એ તો કલ્પવાનું જ રહે છે ! પ્રહરી પણ મનુષ્ય છે અને મનુષ્યને નાતે એને સપનાં જોવાનો અધિકાર છે, પરંતુ એ શક્ય જ કઈ રીતે બને ?! કેમકે સપનાં જોવા ઊંઘવું પડે, તે માટે થાકવું પડે, તે માટે કામ કરવું પડે અને કામ માટે જાગવું પડે ! એ કહે છે –

**એટલે હું તો બસ કામ જ જોઈ શકું છું**
**સપનાં નહીં.** (૩૧)

આ કઠોર કર્તવ્ય એને આતંકવાદી આક્રમણનો સામનો કરવા, આતંકવાદીને ઠાર કરવા પ્રેરે છે; પરંતુ એ સિદ્ધિના ક્ષણિક આનંદ પછવાડે એની પાસે રહી જાય છે વેદના. કેમકે –

**એના મરી જવાથી**
**આતંક ન'તો મર્યો**
**કે નહોતી મળી શાંતિ**
**ગરીબોને, નિરાધારોને.** (૩૦)

ઊલટું એ યાદીમાં 'થોડાં વધુ નામ' ઉમેરાઈ જાય છે ! આ કરુણ – કટુ વાસ્તવ હૃદયને વીંધે છે. કાશ્મીરના હાથમાં બંદૂકને બદલે બૅટ પકડાવવાની એને ઝંખના છે. દુનિયાનાં સારાંમાં સારાં બૅટ પકવતી ધરતી એકાદ સારો ખેલાડી પકવી ન શક્યાની વાસ્તવિકતા એને પીડે છે. આતંકવાદી આક્રમણો પછી સ્વર્ગ સમું કાશ્મીર કબ્રસ્તાનમાં પલટાઈ ગયું છે. સહેલાણીઓ કરતાં અહીં સૈનિક વધી ગયા છે. એ લોહિયાળ બનેલી ધરતીનું ચિત્ર કવિ આ શબ્દોમાં આંકે છે :

**બરફની ઠંડક ખતમ કરી નાખી છે**
**તોપગોળા, ગોળીઓ અને બૉમ્બધડાકાની ગરમીએ.**
**ઝેલમ, કૃષ્ણગંગા કે તાન**
**બધાયમાં ચોખ્ખા પાણીની જગ્યાએ**
**વહી રહ્યું છે લોહી, તરી રહી છે લાશો**
**એમાં કોણજાણે કેટલાં તો હશે**
**મારાં પોતીકાં.** (૬૦)

આ ખૂની ખેલની ભીતરમાં ધબકતું માતાનું હૃદય 'મા'માં કવિએ બહુ માર્મિકતાથી ઉપસાવ્યું છે. અહીં કાશ્મીરી માનું સ્વભાવોક્તિસભર ચિત્રાંકન થાય છે :

**શ્વેત કેશ, જાડા કાચનાં ચશ્માં**
**પહેરણ નીચે પેટ પર કાંગડી**
**સાઠ વરસ છતાં કેવી વિનમ્રતા**
**'બેટા, હવે બારણું વાસી દઉંને ?'** (૮)

આતંકવાદીનું ઘર ફૂંદી નાખવા બદલ માફી માગતા સિપાહીને એ કહે છે :

**એમાં શાની માફી દીકરા !**
**એ એનું કામ કરે છે**
**ખોટું કે ખરું – મને ખબર નથી**
**તમે તમારું કામ કરો છો**
**ખોટું કે ખરું – તમે જાણો !**
**હું તો બે પૈકી એકેયને નહીં વખોડું**
**મા છું ને !** **(૮-૯)**

રુક્ષ દેખાતા એ એકલવાયા પ્રહરીનું હૈયું મીણ સમું પોચું છે. દિવસો-માસો-વર્ષો સુધી ઘરથી દૂર – છેક છેવાડાના અજાણ્યા એકાંત મુલકમાં ફરજ બજાવતા રહેવાની પરિસ્થિતિ એના અંતરમાં ઘરઝુરાપાની લાગણી તીવ્ર બનાવે છે. એનું સુકોમળ સંવેદનશીલ હૃદય રણની ધરતી પર ઊતરી આવેલા ફ્લેમિંગોને નિહાળે છે. એનાં નાળિયેર-શાં ઈંડાંને પંપાળે છે. એમને આભલામાં ઊડતાં જોઈને મન માના ખોરડા લગી પહોંચી જાય છે. ઉપર ને ઉપર ઊડતાં ફ્લેમિંગો હવે કેવાં દેખાય છે ?

**મારી માડીએ ગોબરથી લીંપેલા**
**આંગણામાં**
**વીખરાયેલ ખસખસ સમાણાં.** (૫૭)

ને છતાં ભેંકાર રણને એ આ રીતે સંવેદે છે :

**રણમાં પહોંચી પૂરા થઈ જાય છે**
**બધા રસ્તા, વસાહતો, જંગલ**
**ઘોંઘાટ, નફરત, હરીફાઈ અને આતંક**
..........
**અહીં પ્રહરીનો પહેરો**
**એની મજબૂરી નથી, પ્યાર છે.** (૬૧)

પ્યાર છે કેમકે એ સાચો રાષ્ટ્રભક્ત છે. 'સારે જહાં સે અચ્છા, હિંદોસ્તાં હમારા'ના રાષ્ટ્રધર્મને વરેલો છે. શાળામાં આતંકવાદીઓ સાથે ટક્કર થઈ ને 'વૃક્ષોથી ઈમારતો લગી' ગોળીઓ છૂટી. 'ઈંટોને લોહીની ટશરો ફૂટી', પણ એ દીવાલ પર વર્ષો પૂર્વે આઝાદી પહેલાં – ઉર્દૂમાં લખાયું હતું : 'સારે જહાં સે અચ્છા...' કવિ વેધક પ્રશ્ન કરે છે, એ કોણ હતો, હિંદુ કે મુસલમાન ?

માનવમાત્રથની સાથે લાગણીભર્યા સંબંધ માટેની ઝંખના, ઉદાત્ત માનવતાની સંવેદના

જ એને જાણે કે કવિતા કરવા પ્રેરે છે. માણસના ભાગલા પાડતી સરહદ એના અંતરને ચીરે છે. બૉર્ડરની પેલી તરફ નજર જતાં જ એની આંખમાં ફેન્સિંગના કાંટા ભોંકાય છે ને કોબરાનો કરંટ લાગે છે. 'સરહદ પર', 'મારી જેમ', 'પાણીમાં લીટીઓ', 'છોટા ખીલ' જેવી ઘણી રચનાઓ આ પ્રકારની સંવેદનશીલતાને અને સરહદના વિષયવાસ્તવને વાચા આપે છે.

**હું જમવા બેસું છું,**
**એ ચોક**
**હિંદુસ્તાનના ભાગમાં આવ્યો**
**મારો બેડરૂમ**
**બાંગ્લા દેશમાં.** (૭૧)

'સરહદ પર' તો અત્યંત સ્પર્શક્ષમ રચના છે. પાકિસ્તાનની સરહદ પર ઊગેલા, પણ હિંદુસ્તાનની સરહદ પર ઝૂકેલા વૃક્ષના છાંયામાં પોરો ખાવો પણ અપરાધ બની જાય ને એની સામે વિરોધનોંધ મળે ! છાંયા પર તો હિંદુસ્તાન કે પાકિસ્તાન કશું લખેલું નહોતું ને છતાં ઝઘડો પતાવવા સામા પક્ષના અધિકારીએ છાંયો આપતી ડાળીઓ જ કાપી નાખી. પરાકાષ્ઠા તો ત્યાં આવે છે જ્યાં પ્રહરી પોતાની બદલી થતાં નવા આવેલા કમાન્ડર સમક્ષ એ ઘટનાનું બયાન કરે છે. બરાબર એ જ ક્ષણે ઠૂંઠા પર નજર પડે છે. એને નવી કૂંપળો ફૂટી રહી છે !

પાકયાત્રાએ ગયેલા કવિને અનારકલી બજારનો ફરસાણવાળો અભણ અબ્દુલ 'હિંદથી આવેલા મોંઘા મહેમાન' ગણે અને પૈસા ન લે ! પ્રશ્નોનો પ્રશ્ન છે, માણસ તો બધે જ સરખો... બધું જ સમાન, પછી આ વિરોધ શેનો ? આ વિયોગ શા વાસ્તે ? આ વિગ્રહ કેમ ? કહે છે, ઊંચા ટાવર પરથી પાકિસ્તાનનું બધું જ દૃશ્ય ચોખ્ખું દેખાય છે – 'બધું જ મારા મુલક જેવું' – તો પછી આ વૈષમ્ય કેમ ?! બંને દેશની ચોકીઓ એટલી નજીક હોય કે બધી ચહલપહલ દેખાય, પણ કોઈ સાથે નાતો ન જોડી શકાય ! અંતરના ઊંડાણમાંથી મર્મવાણી નીકળે છે :

**આયે તે કેવાં છેટાં**
**થોડાં ડગલાં ચાલી**
**એને પૂછી શક્યો હોત –**
**'કેમ છે દોસ્ત !'**
**તો કેવું...** (૩૪)

જલિયાંવાલા બાગના હત્યાકાંડ સંદર્ભે રચાયેલી કૃતિ 'જાત' આપણા વિચારોની સંકીર્ણતા અને આચારની જઘન્યતાને વેધક રીતે ખુલ્લી પાડે છે. અંગ્રેજની ગોળીથી શહીદ થયેલા ગણેશ અને સલીમની ત્યારે એક જ જાત હતી – શહીદ; અને એક જ ધર્મ હતો – આઝાદી; પણ મર્યા પછી –

**મર્યા પછી**
**આપણે રચી એક સમાધિ**
**જે એક કબર**



**ને શહીદોને ફેરવી નાખ્યા**
**હિન્દુ અને મુસલમાનમાં.** (૪૮)

લાગણીભીના હૃદયની ઉદાત્ત માનવતાથી મહેકતી આ કવિતા આપણને અંતર્મુખ બનવા પ્રેરે છે, આત્મખોજ કરવા મજબૂર કરે છે – આરપાર વીંધીને. માણસ-માણસ વચ્ચે અંતર ઊભું કરતી, મનુષ્યના ભાગલા પાડતી એક નિર્ઘૃણ રાજરમત – નરી કુટિલતાની – સામે મનુષ્યની માનવબંધુ માટેની તડપન, તીવ્ર ઝંખના આપણા હૃદયને વિચલિત કરી મૂકે છે. આ માત્ર સૈનિકની સંવેદના નથી, સૈનિકમાં બેઠેલા અનુભૂતિની સચ્ચાઈથી રણકતા ચિર મનુષ્યની આંતરભોમમાં ઊગેલાં કાવ્યકુસુમો છે.

## ગુજરાતના દલિતોની વિકાસગાથાનો દસ્તાવેજ : 'કપરાં ચઢાણ'

**બાલકૃષ્ણ આનંદ**

[**'કપરાં ચઢાણ'** : લેખક : ડૉ. યોગેન્દ્ર મકવાણા, પ્રકાશક : પૂનમ પ્રકાશન, રાજકોટ, પૃ. ૩૨૦, કિંમત : રૂ. ૨૦૦/-]

છેલ્લાં થોડાં વર્ષોથી ભારતીય ઇતિહાસલેખનવિદ્યાનો અભિગમ બદલાયો છે. રાજા-મહારાજાઓ અને અમીર-ઉમરાવોના જીવન અને તેમની પ્રવૃત્તિઓની આસપાસ ગૂંથવાના બદલે તેણે હવે સમાજના કચડાયેલા વર્ગોની સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને રાજકીય સમસ્યાઓને સમજવા પ્રત્યે પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

અત્યાર સુધી જે ઇતિહાસ લખાયો છે તે મોટેભાગે મધ્યમવર્ગીય અને ઉપલી જ્ઞાતિઓના દૃષ્ટિકોણથી લખાયો છે, પરંતુ હવે આપણે શ્રેણી-ક્રમિક સામાજિક પિરામિડના છેક તળિયે સબડતા લોકોનો ઇતિહાસ લખવો શરૂ થયો છે. પૂર્વ કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. યોગેન્દ્ર મકવાણાએ પોતાના જ પુસ્તક 'કપરાં ચઢાણ'ની પ્રસ્તાવનામાં ઉપરોક્ત શબ્દો લખ્યા છે. ગુજરાતના રાજકારણમાં આંગળીના વેઢે ગણી શકાય એવા અભ્યાસુ રાજકારણીઓમાં ડૉ. યોગેન્દ્ર મકવાણાનો સમાવેશ થાય છે. સાચી વાતને બેધડક રીતે કોઈની પણ શેહશરમ રાખ્યા સિવાય બોલવામાં પણ તેમનો જોટો જડે તેમ નથી.

ડૉ. મકવાણાએ ૧૯૯૦માં ભાવનગર યુનિવર્સિટીમાંથી 'ગુજરાતની અનુસૂચિત જાતિઓનો સામાજિક અને રાજકીય જાગૃતિનો ઇતિહાસ' (૧૮૫૦થી ૧૯૮૫) એ વિષય ઉપર શોધનિબંધ રજૂ કરી પીએચ.ડી.ની ઉચ્ચ પદવી મેળવેલ છે. ડૉ. મકવાણાએ અનુસૂચિત જાતિઓ એટલે કે દલિતોના સામાજિક અને રાજકીય જાગૃતિનાં લગભગ ૧૩૫ વર્ષની વિકાસગાથાને 'કપરા ચઢાણ' શીર્ષક હેઠળ ગ્રંથસ્થ કરેલ છે.

ગુજરાતના દલિતોની વિકાસગાથાના આ ૧૩૫ વર્ષના ઇતિહાસને લગભગ નવ પ્રકરણોમાં વહેંચવામાં આવેલ છે. જેમાં પ્રકરણ-૧ 'હિન્દુ સમાજનાં ઉદ્‌ભવ, વિકાસ અને અસ્પૃશ્યો'માં હિન્દુ સમાજની ઉત્પત્તિ અને તેમાં દલિતોના સ્થાન વિષે ઝીણીઝીણી પણ રસપ્રદ હકીકતો વર્ણવી છે. પ્રથમ પ્રકરણ વાંચતાં જ અસ્પૃશ્યો કે જે આજના દલિતો છે

તેમને ચોથા વર્ણમાં, કાળક્રમે ચોથા વર્ણમાંથી પણ બહાર હડસેલી 'અવર્ણ' 'અતિશૂદ્ર' બનાવી દેવામાં આવ્યા તેનાં હિન્દુ ધર્મશાસ્ત્રો, વેદો અને ઉપનિષદોમાંથી ઉદાહરણ ટાંકી ઐતિહાસિક તથ્યો સાથે રજૂઆત કરવામાં આવી છે.

પ્રકરણ-૨માં સલ્તનત અને મુઘલકાળ દરમિયાન પણ ગુજરાતના દલિતોની પરિસ્થિતિનું ચિત્રણ કરવામાં આવ્યું છે. મોગલાઈ શાસનમાં પણ દલિતોની દશા વખાણવાલાયક નહોતી. તેઓએ સમયમાં પણ હડધૂત થતા અને અત્યાચારોનો ભોગ બનતા હતા. તેની વિગતો અહીં દર્શાવવામાં આવી છે.

પ્રકરણ-૩ 'ગુજરાતમાં સમાજસુધારાની ચળવળો અને અસ્પૃશ્યોની સમસ્યાઓ તથા તેમનું જીવન' (૧૮૫૦થી ૧૯૪૭)માં સહજાનંદ સ્વામી, મણિલાલ નભુભાઈ, આનંદ- શંકર ધ્રુવ, કરસનદાસ મૂળજી, મહીપતરામ રૂપરામ, દુર્ગારામ મહેતા, ભોળાનાથ, સારાભાઈ, સ્વામી દયાનંદ અને અનસૂયાબહેન સારાભાઈ, વડોદરાના રાજવી સયાજીરાવ ગાયકવાડ વગેરે મહાનુભાવોની ધાર્મિક અને સામાજિક સુધારણાની પ્રવૃત્તિઓની છણાવટ છે.

સાથે સાથે અસ્પૃશ્યોની વિવિધ જ્ઞાતિઓ જેવી કે વણકર, ચમાર, શેણવા, ભંગી વગેરેની ઉત્પત્તિ સાથે તેમની વંશપરંપરાગત પ્રવૃત્તિઓની નોંધ સાથે ડૉ. મકવાણાએ જણાવેલ છે કે અસ્પૃશ્યોમાં પણ હકીકતમાં ઊંચનીચના ભેદભાવ પર આધરિત જ્ઞાતિઓ હતી.

પુસ્તકના મહત્ત્વના આ પ્રકરણમાં દલિતોના ઉત્કર્ષની પ્રવૃત્તિઓની સુપેરે નોંધ લેવામાં આવી છે. જોકે આ પ્રકરણમાં ગાંધીવાદી સુધારાવાદી પ્રવૃત્તિઓનો વિશેષ ઉલ્લેખ છે. એક જગ્યાએ નોંધવામાં આવ્યું છે કે ગુજરાતમાં ગાંધીવાદી પ્રવૃત્તિનાં મૂળ એવા ઊંડાં ગયાં હતાં કે ડૉ. બાબાસાહેબ આંબેડકરથી પગપેસારો થઈ શકે તેમ નહોતું પરંતુ હકીકત એ છે કે આ સમય દરમિયાન જ ડૉ. આંબેડકરી ચળવળનો ગુજરાતમાં પ્રવેશ થઈ ચૂક્યો હતો.

પ્રકરણ-૪ 'બાબાસાહેબ આંબેડકરનો અસ્પૃશ્યોની જાગૃતિ તથા ઉત્કર્ષમાં ફાળો'માં દલિતોના ઉત્કર્ષ માટેની ડૉ. આંબેડકરની પ્રવૃત્તિઓનો ઉલ્લેખ અલગ રીતે કરવામાં આવેલ છે. ડૉ. આંબેડકરે કરેલ મંદિરપ્રવેશ સત્યાગ્રહ, મહાડ તળાવનો સત્યાગ્રહ, ગોળમેજી પરિષદમાં ડૉ. આંબેડકરની રજૂઆતો, બ્રિટિશ સરકાર સામે રજૂઆત, બંધારણીય સભામાંની રજૂઆતો વગેરેનું વિશદ વર્ણન છે.

પ્રકરણ-૫ 'અસ્પૃશ્યોના ઉત્કર્ષમાં સામાજિક સંસ્થાઓનું પ્રદાન' (૧૯૧૫થી ૧૯૪૭)માં ઠક્કરબાપા, ગાંધીજી, જમનાદાસ ભક્ત, નવયુવક મંડળ, ગુજરાત હરિજન સેવક સંઘ, શંકરલાલ બેંકર, મૂળદાસ વૈશ્ય, પરીક્ષિતલાલ મજમુદાર, મોતીભાઈ અમીન, અમૃતલાલ ઠક્કર વગેરે વ્યક્તિઓ તથા સંસ્થાઓના દલિતોના ઉત્કર્ષના પ્રદાનનું નિરૂપણ છે.

સંસ્થાકીય પ્રવૃત્તિઓ વ્યક્તિગત પ્રવૃત્તિઓ કરતાં ઘણી દષ્ટિએ મહત્ત્વની બની રહી. હકીકતમાં તો અંત્યજોત્કર્ષના કાર્યમાં જે રીતે સંસ્થાકીય પ્રવૃત્તિઓએ પ્રદાન કર્યું તે સામાજિક ન્યાયની દિશામાં એક નવા ઐતિહાસિક તબક્કાના પ્રતીકરૂપ હતી. ગાંધીવાદી હોય કે આંબેડકરવાદી, એક બાબત સ્પષ્ટ છે કે દલિતોમાં સ્વમાન અને સ્વાશ્રયની ભાવના લાવવામાં સામાજિક અને રાજકીય દષ્ટિએ તેમને જાગ્રત બનાવવામાં સંસ્થાઓ અને મંડળોએ દીવાદાંડીરૂપ કામ કર્યું હતું. ગુજરાતના દલિતોએ સ્વાભિમાનની લડતના ભાગ રૂપે ચલાવેલ હોટલપ્રવેશ, મંદિરપ્રવેશ અને બસપ્રવેશના સત્યાગ્રહોની પણ વિગતે ચર્ચા આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

પ્રકરણ-૬ 'લોકશાહી પ્રક્રિયા : સામાજિક, રાજકીય પ્રવૃત્તિ અને અસ્પૃશ્યો' (૧૯૪૭-૧૯૮૫)માં ગોળમેજી પરિષદની બેઠકોમાં ડૉ. આંબેડકરે રજૂ કરેલ દલિતો માટેની માંગણીઓ, કોમી ચુકાદો અને દલિતોના ઉત્કર્ષ માટેની બંધારણીય જોગવાઈઓ, ગોલાણા હત્યાકાંડ (૧૯૮૬), વિધાનસભામાં ધારાસભ્યોની દલિતોના પક્ષે રજૂઆતમાં તથા દલિતો ઉપર થયેલ અત્યાચારોનો દસ્તાવેજ અહીં ઉપલબ્ધ થયો છે.

'અનામત વિરોધી જાતિવાદી રમખાણો : ૧૯૮૧ અને ૧૯૮૫'ની વિગતે ચર્ચા પ્રકરણ-૭માં કરવામાં આવી છે. આ પ્રકરણમાં લેખકે ઠેર ઠેર 'અનામત વિરોધી આંદોલન' શબ્દપ્રયોગ કરેલ છે. પરંતુ ખરેખર આ 'આંદોલન' નહીં પણ 'જાતિવાદી રમખાણો' હતાં જેમાં દલિતોએ એકતા બતાવી જબ્બર પ્રતિકાર કર્યો હતો. આ રમખાણોના કારણે જ દલિતોમાં સ્વાભિમાનની લાગણીનો જન્મ થયો. ૧૯૮૧ અને ૧૯૮૫નાં આ રમખાણોમાં સમગ્ર ગુજરાતમાં દલિતો ઉપર થયેલ સામૂહિક હુમલા અને નુકસાનની વિગતો આપવામાં આવેલ છે. આ જાતિવાદી રમખાણો દલિતો સામે નહિ પણ ભારતના સંવિધાન સામે હતા એમ લેખકે સ્પષ્ટ કરેલ છે. દલિતોની ભાવિ પેઢી માટે રમખાણોની આ વિગતો સ્વમાનની લડત માટે ગરજ સારે તેવી છે.

પુસ્તકના હાર્દસમું પ્રકરણ-૮ 'ગાંધી-આંબેડકર વિચારધારા અને તેનો સામાજિક સંદર્ભ' કે જે તેમના મૂળ મહાનિબંધમાં નથી પરંતુ પુસ્તકમાં પાછળથી ઉમેરવામાં આવેલ છે. આ પ્રકરણ અંગે લેખક પોતે જ જણાવે છે કે ઇતિહાસ કોઈની શેહ શરમ રાખતો નથી એટલે કેટલીક વાતો આપણને ગમે કે ન ગમે અથવા કડવી લાગે તેવી પણ મેં લખી છે. ખાસ કરીને આઝાદીની લડત વખતની જૂની પેઢીને જેમને ગાંધીજી પ્રત્યે ભક્તિભાવ છે એટલે ગાંધીજીની ખોટી વાતને પણ તેઓ ભક્તિભાવે સાચી જ માને છે. અને તેમનામાં તેમને કોઈ દોષ દેખાતો નથી.

આ પ્રકરણમાં દલિતોના ઉત્કર્ષ માટેની ગાંધીજી અને ડૉ. આંબેડકરની પ્રવૃત્તિઓનો ચિતાર આપી લેખક જણાવે છે કે આઝાદીની લડત સફળતાપૂર્વક લડવા માટે 'હરિજન સેવા'નો એક હથિયાર તરીકે ગાંધીજીએ ઉપયોગ કર્યો છે. ગોળમેજી પરિષદમાં ડૉ. આંબેડકરે મંજૂર કરાવેલ માંગણીઓ અંગે મહાત્મા ગાંધીએ હિન્દુ ધર્મની એકતાને નામે દલિતોના અધિકારોનો ભોગ લીધો હતો. ધર્મના નામે ગાંધીજીએ દલિતોને કરેલા ઐતિહાસિક અન્યાયે દલિતોની સામાજિક પરિસ્થિતિમાં આઝાદીની અડધી સદી પછી પણ ધાર્યો ફેરફાર થયો નથી. દલિતોની આજની દયનીય પરિસ્થિતિ માટે ગાંધીજી જ જવાબદાર છે તે કોઈ ના પાડી શકે તેમ નથી. (પા. નં. ૨૩૨)

લેખક ગાંધીજી અને ડૉ. આંબેડકરની વિચારધારાની મુલવણી કરતાં આગળ જણાવે છે કે 'ગાંધીજીની હરિજનસેવા આઝાદી મેળવવાના લક્ષ્યને સિદ્ધ કરવા માટેનું સાધન માત્ર હતું. જ્યારે બાબાસાહેબની દલિત સેવા તેમના (દલિતોના) માટે સામાજિક ન્યાય અને

સમાનતાના લક્ષને હાંસલ કરવા માટે હતી અને તે લક્ષ પ્રાપ્ત કરવા માટે 'રાજકીય સત્તા' એક સાધનમાત્ર હતું. આમ ડૉ. આંબેડકર સામાજિક ક્રાંતિના ઉદ્‌ગાતા અને અગ્રદૂત બન્યા. સ્વતંત્ર ભારતે આજ દિન સુધી જે આર્થિક અને સામાજિક વિકાસ સાધ્યો છે તે ગાંધીજીની ફિલસૂફીને આધારે નહિ પણ ડૉ. આંબેડકરના તત્ત્વચિંતન અને સમાજદર્શનને આધારે કર્યો છે ડૉ. આંબેડકર ધાર્મિક વૃત્તિના હતા, પણ ગાંધીજીની જેમ તેઓ સામાજિક સમસ્યાઓને ધાર્મિક વમળોમાં ગૂંગળાવી રાખનાર ન હતા. તેમની ફિલસૂફી વિકાસલક્ષી હતી અને તેથી જ તેઓ દૃઢપણે માનતા હતા કે 'What is morally wrong can never be religiously right.'

ડૉ. યોગેન્દ્ર મકવાણાએ અંતમાં પ્રકરણ-૯ 'નિષ્કર્ષ'માં જણાવેલ છે કે દલિતોની આ વિકાસગાથા કપરાં ચઢાણ જેવી છે, તળેટીમાં ઊભેલા માનવે શિખર પર પહોંચવાનું છે, જ્યાં વિકસિત સમાજ પહોંચ્યો છે. તેમની સાથે સમાનતા સાધી વિકાસની કૂચને ચાલુ રાખવાની છે. રાજકારણમાં વ્યસ્ત હોવા છતાંય ડૉ. યોગેન્દ્ર મકવાણાએ ગુજરાતના ઇતિહાસ સાહિત્યમાં આ ગ્રંથ થકી ઐતિહાસિક યોગદાન આપ્યું છે જે ગુજરાતી દલિત સાહિત્ય માટે મોંઘેરી જણસ છે.

ગુજરાતના દલિતોની વિકાસગાથા 'કપરાં ચઢાણ' પુસ્તક કંઈક નવું અને જેવો છે તેવો ઇતિહાસ જાણવાની તમન્ના રાખનાર તમામે અને ખાસ કરીને તમામ દલિતોએ ઘેર ઘેર વસાવવું જોઈએ.

## વારતા-રસિયાં બાળકો માટેની સ્પે'શલ બસ | ઈશ્વર પરમાર

[**'છત્રીસ નંબરની બસ'** : હુંદરાજ બલવાણી, વિ. કુસુમ પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૭, પૃ. ૪૦, કિંમત રૂ. ૩૦/-]

''એક હતો રાજા. તેને સાત દીકરીઓ હતી...'' – આ વારતા કહેતાં નાનીમાને બાળકોએ અટકાવી દીધાં. પછી દાદીમાએ વારતા શરૂ કરી : ''એક હતી પરી અને એક હતો રાક્ષસ...'' દાદીમા વધુ આગળ કંઈ કહે તે પહેલાં બાળકો કહેવા લાગ્યાં : ''અમને પરીઓ અને રાક્ષસોની વાર્તા પસંદ નથી.''

આ સંવાદ 'નાનીમા અને દાદીમા' નામની વારતાનો અંશ છે. આ વારતા જેમાં સમાવિષ્ટ છે તે પુસ્તક 'છત્રીસ નંબરની બસ'. આપણા બાળસાહિત્યના જાણીતા લેખક હુંદરાજ બલવાણીનું આ પુસ્તક વિશેષ ધ્યાનપાત્ર એટલા માટે છે કે તેમાંની સાતેય સચિત્ર વારતાઓ નથી રાજાઓની ઓથમાં કે નથી રાક્ષસોની પકડમાં. આ પુસ્તકમાંની વારતાઓનાં નિરાળાં પાત્રો છે : સીટીબસ, પાણીપૂરી ને કોડભરી કીડી. બીજાં માનવપાત્રો પણ છે : સ્વામીજી, પોપટલાલ, નાનીમા-દાદીમા અને બાલવાચકોને તરત ગમે તેવો બાળ ભોલુ !

કુશળ બાળવારતાકાર હુંદરાજ બલવાણીએ સીટીબસ અને પાણીપુરી જેવા ખાદ્યમાં (બંને નિર્જીવ છતાં) માનવીય ભાવોનું એવું સરસ આરોપણ કર્યું છે કે બાળકો એ પાત્ર પર ફિદા જ થાય. બસ કંટાળે, એને ઊંઘ આવે ને ઝોકાં ખાય એટલું જ નહીં પણ તકલીફમાંથી મુક્ત થતાં હાશકારો અનુભવે ને વિચારે પણ ખરી કે 'લોકોના વર્તનમાં સુધારો ન થાય ત્યાં સુધી કોઈને પણ તકલીફ તો થવાની જ છે.' એવું જ બીજું પાત્ર તે પાણીપૂરી ફુલાય, પોરસાય ને પાછી પસ્તાય ! ઘમંડી કીડી પણ કોઈનાય સીધા ઉપદેશ વિના પોતે ને પોતે પોતાનું અભિમાન ઓગાળે છે ! બીજાને સહાય કરવા જે સદા તત્પર રહે તે ખરા સંત કે સ્વામી : આ સમજ લેખકે 'સ્વામીજીની મોટર' વારતા દ્વારા વાતચીતમાં બાળચિત્ત પર વરસાવી છે. પતંગિયાં પ્રત્યેના પોપટલાલના ખોટા ખેંચાણનું પોલાણ વિકાસ નામનો એક બાળક છતું કરે છે અને પોપટલાલને વૈજ્ઞાનિક માહિતીના હવાલા સાથે સાચો રાહ ચીંધે છે. નાનીમા-દાદીમાને નિમિત્ત કરીને લેખકે બાળકોનું મનોરંજન કરવા ઉપરાંત વાલીઓ અને બાળવારતાકારોને જે સંકેત કર્યો છે તે છેવટે તો બાળકોના હિતનો છે. વારતા 'અવળી ગંગા'માંનું બાળપાત્ર ભોલુ બાળવાચકોને હસાવતાં હસાવતાં સાસુધારણાનો સંકેત કરે છે.

આ બાળવારતાસંગ્રહમાંની વારતાઓમાં કોઈ ને કોઈ સંદેશ ગૂંથાયેલો છે. 'છત્રીસ નંબરની બસ' દ્વારા નાગરિકતાનું ભાન, 'ફૂલેલી પૂરી' દ્વારા સ્વ-મૂલ્યાંકનનો ખ્યાલ, 'પોપટલાલે પતંગિયું પકડ્યું' દ્વારા જીવદયાનો મહિમા; એમ 'સ્વામીજીની મોટર' દ્વારા પરગજુપણાનું પ્રતિષ્ઠા બાળવાચકના ચિત્તમાં કરવાનું લેખકે સફળતાપૂર્વક તાક્યું છે.

લેખકે પોતાના કિશોર-વાચકોને હળવા રાખવામાં અને હસાવવામાં પૂરતું નૈપુણ્ય દાખવ્યું છે. પતંગિયાંને પકડવા દોડતા પોપટલાલ પથ્થર સાથે અથડાયા પછી કોઈ પોતાને જોઈ તો નથી રહ્યું ને તેની ખાતરી કરે છે ! કીડી પોતાનો ડ્રેસ સિવડાવવા માટેના કાપડમાંથી જો ટુકડો બચે તો તેમાંથી હાથી માટે ચડ્ડી સિવડાવવાની કાળજી ધરાવે છે ! બાળકોને વારતા કહેવા માટે ધરખમ તૈયારી કરતાં નાની-દાદી ! 'અવળી ગંગા' તો આખેઆખી મલકાટ સાથે જ બાળવાચકો વાંચશે.

લેખકની માતૃભાષા સિંધી હોવા છતાં તેમના બાળવારતાના લેખનમાં જે સાહજિકતા અને સરળતા છે તે નોંધપાત્ર છે. જીવમાં જીવ આવવો, મોં ઊતરેલું હોવું, રામ રમી જવા, મોટું નામ હોવું – આવા રૂઢિપ્રયોગો થકી રજૂઆતમાં ભાષા-શિક્ષણ અનાયાસ ભળી ગયું છે. બસ-સ્ટૉપ, બેન્ચ, વ્હીલ, હૉસ્પિટલ જેવા અંગ્રેજી શબ્દોનો અનિવાર્ય છતાં સંયમિત પ્રયોગ લેખક કરી શક્યા છે. 'દૃશ્ય' શબ્દનો પર્યાય પ્રયોજવા જેવું ખરું.

બાકી, એમ લેખોને કે 'છત્રીસ નંબરની બસ' એટલે વારતા-રસિયાં બાળકો માટેની સ્પે'શલ બસ. એમાં સફર કરનાર બાળકો પામે છે – એકવીસમી સદીમાં બરાબર બંધ બેસતી થાય તેવી બાળવારતાઓ !

r

# પત્રસેતુ

તંત્રીશ્રી 'પરબ'

'પરબ'ના ફેબ્રુઆરી ૨૦૧૦ના અંકમાં હસિત મહેતાનો અભ્યાસલેખ 'પંડિતયુગનાં સાહિત્યિક સામયિકો' વાંચીને આનંદ થયો. લેખક પંડિતયુગનાં એ બધાં હવે તો લગભગ દુષ્પ્રાપ્ય એવાં સામયિકોમાંથી પસાર થયા છે અને પૂર્વાપર સંબંધ સાથે આવશ્યક દસ્તાવેજી સામગ્રી આપતા જઈને એમણે પોતાનાં નિરીક્ષણો આપ્યાં છે અને એ રીતે એક આદર્શરૂપ (મૉડેલ) અભ્યાસલેખનો નમૂનો જાણે પ્રસ્તુત કર્યો છે. આ પ્રકારનો લેખ લખવામાં લેખકની પાસે એ યુગના અભ્યાસ ઉપરાંત આવા સંશોધનલેખ લખવાની વૈજ્ઞાનિક પદ્ધતિ પણ છે. હસિત મહેતા ગોવર્ધનરામના તો ઊંડા અભ્યાસી છે; આ લેખ લખતાં કેટલો પરિશ્રમ તેમણે કર્યો હશે, તેની કલ્પના કરી શકાય છે. યુનિવર્સિટીના ગુજરાતી વિભાગો (જ્યાં છે) અને કૉલેજોમાં ગુજરાતી ભાષાના હજારથીય વધારે અધ્યાપકો છે, તે બધા આવા પ્રકારના લેખ લખવા કટિબદ્ધ થાય એ માટે આ લેખમાંથી એ સૌ પસાર થાય તો કેવું સારું ? જે જાતનાં પુસ્તકોનાં અવલોકનો આજે લખાય છે, અથવા સેમિનાર-લેખો લખાય છે, તેવે વખતે હસિત મહેતાના આ લેખનું સ્વાગત કરતાં આનંદ થાય છે. લેખના અંતિમ અને છઠ્ઠા ખંડમાં તેઓ એક પરિપક્વ અભ્યાસી રૂપે ઊભરે છે, થાય કે હસિત મહેતાને પણ પંડિતયુગની પરંપરામાં ઉપસ્થાપિત કરીએ.

અમદાવાદ **ભોળાભાઈ પટેલ**

૩-૩-૧૦

S

સ્નેહી યોગેશભાઈ,

સવિનય વંદન.

તાજેતરમાં 'અશ્વિન મહેતા'નો લેખ 'પાણી એક, પરબ અનેક' લેખ વાંચ્યો. ખૂબ ધીરેથી, ફરી ફરીને ગંભીરતાથી વાંચ્યો.

આ લેખ તમે પ્રગટ કર્યો માટે તમારો આભાર માનું છું.

આપણે ત્યાં મનુષ્યજીવન, સમાજજીવન, આર્થિક જીવન એટલું બધું વિષમ, નિરાશ, ભ્રષ્ટપતિત બની ગયું છે. નાગરિકોમાં વિશ્વાસ, સંવેદના, ચારિત્ર્ય, આત્મબળ મરી ગયાં છે. એટલે સાહિત્ય તો જાણે વેકેશન-વાચન બની ગયું છે.

એમાં તમે પ્રગટ કરેલ લેખ ખરેખર પરબ બની ગયો. આત્મબળ, ચારિત્ર્ય, વિશ્વાસ અને પ્રેરણાની પરબ બની ગયો. આવા લેખો વરસમાં બે વાર વંચાય, પ્રગટ થાય એટલે ખરી પરબ; બાકી વેકેશન-વાચન.

૨૫-૧-૧૦ **ધનરાજ પંડિત**

r



# અહેવાલ

## શ્રી નાનુભાઈ નાયક પ્રેરિત સંસ્કાર હૉલ ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે ગુજરાતી નવલકથાસત્ર

શનિ-રવિ, તા. ૨૦-૨૧- માર્ચ, ૨૦૧૦

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે પરિષદ પ્રમુખ શ્રી ભગવતીકુમાર શર્માના અધ્યક્ષ પદે તા. ૨૦ અને ૨૧ માર્ચ, ૨૦૧૦ના રોજ સુરતમાં 'ગુજરાતી નવલકથાસત્ર' યોજાયું.

ઉદ્ઘાટન બેઠકમાં મહેમાનો, અભ્યાસુ વક્તાઓ તથા સાહિત્યપ્રેમી શ્રોતાઓનું નર્મદની ભૂમિ પર સ્વાગત કરતાં શ્રી નાનુભાઈ નાયકે પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. 'સરસ્વતીચંદ્ર'નો મહિમા કરતાં તેમણે નવલકથાનો સામાજિક જીવન પર લોકમાનસ પર કેટલો પ્રભાવ પડે છે તેનો ઉલ્લેખ કર્યો. પ્રસારમંત્રી શ્રી નીતિન વડગામાએ ભૂમિકા બાંધતાં જણાવ્યું કે સાહિત્ય પરિષદના કાર્યને વિસ્તારવાના આ શુભ ગણેશ છે. નવલકથાની પસંદગી બાબતે તેમણે જણાવ્યું કે છેલ્લાં પચાસેક વર્ષના ગાળામાં લખાયેલી, રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી (દિલ્હી) દ્વારા પોંખાયેલી અગિયાર (૧૧) નવલકથા અને જયંત ગાડીતની અંતિમ નવલકથા 'સત્ય' એમ કુલ ૧૨ નવલકથાની આ ત્રણ બેઠકોમાં વાત થશે. પ્રાસંગિક વક્તવ્યમાં શ્રી રમેશ ઓઝાએ નવલકથાનો મૂળ હેતુ નવી ભોંય ભાંગવાનો જ હોઈ શકે જેના પરિણામે અનેકવિધ ઉન્મેષો પ્રગટ્યા છે તેનો ઉલ્લેખ કર્યો. શ્રી રઘુવીર ચૌધરીએ બીજરૂપ વક્તવ્યમાં ત્રણ ગુજરાતી નવલકથા – સરસ્વતીચંદ્ર, ગુજરાતનો નાથ, માનવીની ભવાઈ – ને માર્ગસૂચક સ્તંભો (mile-stones) ગણાવ્યા. આધુનિક યુગમાં લઘુનવલ અસ્તિત્વમાં આવી. તેમણે નવલકથાનો પ્રવાહ ઇતિહાસ, સમાજ, મનોવૈજ્ઞાનિક વિચારધારાઓ, ગ્રામજીવન, નારીચેતના, કુટુંબ, પ્રૌઢ પાત્રો તરફ આગળ કઈ રીતે વધી રહ્યો છે તેની ઉદાહરણો આપી વાત કરી. આ બેઠકના અધ્યક્ષ શ્રી ભગવતીકુમાર શર્માએ પુરસ્કૃત નવલકથાઓનો ઉલ્લેખ કરી ઊજળાં અને આશ્વાસનયુક્ત ભવિષ્યની આશા વ્યક્ત કરી. એમણે એમ પણ કહ્યું કે અભિવ્યક્તિનાં જુદાંજુદાં માધ્યમોને અનુરૂપ ભાષામાં પણ સાહિત્ય લખાશે જેનાથી નવી પેઢીનું પણ એક પરિમાણ ઉમેરાશે.

નવલકથાસત્રની પ્રથમ બેઠકનાં અધ્યક્ષ શ્રી વર્ષાબહેન અડાલજાએ ૨૦મી સદીના સર્જકો પર ફ્રોઇડની અસર પડી હોવાથી ઘણા વણખેડાયેલા પ્રદેશ ઉદ્ઘાટિત થયા છે તેની વાત કરી. તેમણે એમ કહ્યું કે સાહિત્યની હરિયાળી સમાજની માટીમાંથી જ ઊગી નીકળે છે. એમાંથી 'માણસ'ને બાદ ન કરી શકાય.

પ્રથમ વક્તા શ્રી મણિલાલ હ. પટેલે શ્રી રઘુવીર ચૌધરીની 'ઉપરવાસ કથાયત્રી'ને ગુજરાતી ભાષાની ગ્રામચેતનાની એક ધ્યાનપાત્ર નવલકથા ગણાવી છે. આપણું મૂળ સાથે જોડાણ, પાત્રોની ભાષાની સચ્ચાઈ તથા નર્મ-મર્મ ભરી ઉક્તિઓ આ નવલકથાની ઉપલબ્ધિ છે. અહીં ચીલાચાલુ વિગતો જેમકે મેળો, ઋતુઓ, સીમવગડા ગેરહાજર કવિ ! છતાં એકાદ

બે ગીત-ભજનના લસરકાથી વાતાવરણ જીવંત રહ્યું છે. ‘તળ ભાષાની કળ, લોકોક્તિઓનું બળ’ નવલકથાને સમૃદ્ધ બનાવે છે.

શ્રી ભગવતીકુમાર શર્માની ‘અસૂર્યલોક’ની વાત કરતાં શ્રી ગુણવંત વ્યાસ કહે છે સમયદ્વીપમાં ફૂંક મારી ઓલવાયેલા દીવાને જ્ઞાનદીપથી ઉજમાળી શકાય. લેખકે અહીં માનવનું પુનઃસર્જન કર્યું છે. લેખકને શ્રવણના પાત્ર દ્વારા અંધ લક્ષ્યવાળું જીવન કેવો અનર્થ સર્જે છે તે પણ બતાવવું છે.

શ્રી સિલાસ પટેલિયાએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે પંજાબની આતંકભરી સ્થિતિ અને જીવનની અખૂટ તૃષ્ણાને Juxt-a-poseમાં મૂકી આપનાર શ્રી વીનેશ અંતાણીની નવલકથા ‘ધૂંધભરી ખીણ’માં આત્મસ્થાપનાનો પહેલો રણકો સંભળાય છે. આશાવાદ કથાનો મુખ્ય સૂર છે.

શ્રી ધ્રુવ ભટ્ટની ‘તત્ત્વમસિ’ વિશે વાત કરતાં મહેન્દ્રસિંહ પરમારે કહ્યું કે સરળ છતાં આકર્ષક ગદ્ય સાથે પત્ર અને ડાયરીની કથાને ચોક્કસ પરિવેશમાં મૂકીને નવું પર્યાવરણ રચ્યું છે. જ્ઞાન, ભારતીયતા, આદિવાસી સમાજ, ભાતીગળ પ્રજામાં જોવા મળતું તત્ત્વ, સંસ્કૃતિની લ્યુસી વગેરેનું આ નવલકથા સહિયારું સર્જન હોય તેવું લેખક માને છે.

બીજી બેઠક ૨૧મી માર્ચ, રવિવારે સવારે ૮-૩૦ વાગે શરૂ કરવામાં આવી જેના અધ્યક્ષ શ્રી અનિલાલ દલાલે બેઠકની વિશેષતા દર્શાવતાં કહ્યું કે આ ચારેય નવલકથા લેખિકાઓ દ્વારા લખાયેલી છે. ‘સાત પગલાં આકાશમાં’ નારીવાદી ઘોષણા છે, પરંતુ ‘અખેપાતર’ નારી ચેતનાની કથા છે. ‘અણસાર’ કુષ્ટ રોગી વિશે છે. અલબત્ત, તેનો ભોગ બનનાર રૂપા-યુવતી છે. જ્યારે ‘આગંતુક’માં સામાજિક સંકુલતા વચ્ચે જલકમલવત્ રહેતો, નિઃસંગતાના માર્ગે જતો યુવાન-ઇશાન છે.

શ્રી ધીરુબહેન પટેલની ‘આગંતુક’ વિશે વાત કરતાં શ્રી પ્રફુલ્લ રાવલે કહ્યું કે નવલકથા ઇશાનના ગૃહાગમનથી શરૂ થાય છે અને ત્યાંથી તેના પ્રસ્થાનથી અંત આવે છે. જોકે આ તેનું બીજી વારનું પ્રસ્થાન છે. લેખિકાએ નવલકથામાં ઇશાનનું આત્મચિંતન સાથે સાથે સમાજ સંબંધોની સંકુલતાને આલેખી હોવા છતાં સમાજ પ્રત્યે ક્યાંય આક્રોશ દર્શાવ્યો નથી. ‘ઇશાનને વૃંદાવન જવું હતું અને વૃંદાવન તો બધાંની રાહ જુએ છે’ –માં આધ્યાત્મિકતાની રંગછાયા દેખાય છે.

શ્રી જગદીશ ગૂર્જરે કુન્દનિકા કાપડિયાની ‘સાત પગલાં આકાશમાં’ની વાત ‘કલાલક્ષી માવજતનો અભાવ’ શીર્ષક હેઠળ કરી. ઇબ્સનની નોરાએ બારણાં પછાડી કરેલાં આંદોલનનો પ્રભાવ અહીં સ્પષ્ટ દેખાઈ આવે છે પરંતુ અહીં લેખિકાનું ‘દર્શન’ ખંડિત થાય છે. જગદીશભાઈનું વલણ લેખિકા ‘કલાધર્મી નથી રહ્યા’નો એકરાર વાંચ્યા છતાં ઘણું એકતરફી રહ્યું હતું.

શ્રી ઋજુતા ગાંધીએ વર્ષા અડાલજાની ‘અણસાર’ નવલકથા વિશે વાત કરતાં કહ્યું કે સામાજિક પ્રતિબદ્ધતા વર્ષાબહેનની નવલકથાનું વિશિષ્ટ અને આગવું પરિમાણ છે. અહીં રક્તપિત્તના દર્દીઓની વેદના, સમાજથી થતો તિરસ્કાર, સંબંધીઓની નિષ્ઠુરતા અને બધું વછૂટ્યાની વેદના સુપેરે નિરુપાયાં છે. આ જ વિષય પર લખાયેલી વાર્તા ઘણી આવકાર પામી હતી પરંતુ નવલકથામાં ક્યાંક ક્યાંક આપણને શિથિલતા દેખાય છે.

શ્રી પારુલ કંદર્પ દેસાઈએ બિંદુ ભટ્ટ રચિત ‘અખેપાતર’ વિશે વાત કરતાં કહ્યું કે ‘અખેપાતર’ કરાચી-સૌરાષ્ટ્રના પરિવેશમાં લખાયેલી ભારત વિભાજનની ઘટના સાથે સંકળાયેલી ત્રણ પેઢીની કથા લઈ આવે છે. મુખ્ય પાત્ર કંચનબા નારીસંઘર્ષ, શક્તિ અને ચેતનાનું પ્રતીક છે જે પોતાની હૈયા ઉકલતથી પરિસ્થિતિનો સામનો કરે છે. નવલકથાનું ભાષાસામર્થ્ય નોંધપાત્ર હોવા છતાં ઘાટ-ઘડતરમાં કેટલીક મર્યાદાઓ ધ્યાન પર આવે છે.

ચોથી બેઠકના અધ્યક્ષ શ્રી નરોત્તમ પલાણે રાષ્ટ્રીય કક્ષાએ અલંકૃત થયેલા પુસ્તકોની વિશિષ્ટતા નોંધતાં કહ્યું કે સમાજના વાસ્તવિક પ્રશ્નોને કેન્દ્રમાં રાખી સર્જન થયું છે. ‘સોક્રેટિસ’ અને ‘સત્ય’ બંનેમાં રોટી, કપડાં, મકાનની સ્વતંત્રતાનો તકાજો કરવામાં આવ્યો છે.

‘દર્શક’ની ઐતિહાસિક નવલકથા ‘સોક્રેટિસ’ની વાત કરતાં શ્રી ભરત મહેતાએ કહ્યું કે ધારાસભાનું વિસર્જન અને ‘સોક્રેટિસ’નું સર્જન થયું છે. આ નવલકથામાં લેખકે પ્રગતિશીલ, મૂલ્યનિષ્ઠ ચિંતન આપવાની મથામણ કરી છે.

શ્રી જૉસેફ મૅકવાનની નવલકથા ‘આંગળિયાત’ વિશે વાત કરતાં શ્રી વિજય શાસ્ત્રીએ કહ્યું કે સર્જકતા વગર અનુભવ લેખે લાગતો નથી. લેખક જે સમાજમાં જન્મ્યા છે તેની વેદના નવલકથામાં નિરુપાયેલી છે. ‘આંગળિયાત’માં કથા અને કલાનો સંગમ થયો છે.

શ્રી રવીન્દ્ર પારેખે સત્તા દ્વારા થતાં શોષણ પ્રક્રિયાના વિષયવસ્તુવાળી અશોકપુરી ગોસ્વામીની નવલકથા ‘કૂવો’ની વાત કરી. કથાનાયક ડુંગર બળિયો પણ જાડી બુદ્ધિનો છે, પરંતુ તેની પત્ની દરિયા સ્પષ્ટ છે. નવલકથા નબળી નથી તો નવી પણ નથી. જોકે બોલીની વિશિષ્ટતા ઉઘાડી આપે છે. ‘ગામનું નાક નહીં પણ મૂછ બનતી દરિયા’ નવલકથાનું યાદગાર પાત્ર બની રહે છે.

શ્રી શરીફા વીજળીવાળાએ જયંત ગાડીતની નવલકથા ‘સત્ય’ને એક પ્રતિબદ્ધ અને કલાત્મક જીવનચરિત્રાત્મક નવલકથા તરીકે ઓળખાવી. સત્યની શોધે ‘મોહન’માંથી ‘મહાત્મા’ બનાવ્યા તે જીવનકથા, દસ્તાવેજીને શ્રી ગાડીતે ચાર ભાગમાં વહેંચી કેવું તો ભાવન યોગ્ય બનાવ્યું છે ! એક માણસની નૈતિક તાકાતે એક મુઠ્ઠી મીઠું લઈ લૂણું લગાડ્યું – તેની સંઘર્ષગાથા એટલે ‘સત્ય’. શરીફાબહેને નોંધ્યું છે કે પાત્રોચિત પરિવેશમાં ભાષા પ્રયોજવામાં ગાડીત સરિયામ નિષ્ફળ ગયા છે પરંતુ ગાંધીજીના મનોમંથનના પ્રસંગોએ ‘ગીતા’ના શ્લોકોનો ઉચિત ઉપયોગ કર્યો છે.

આખા કાર્યક્રમનું સમાપન કરતાં શ્રી અશ્વિન દેસાઈએ કહ્યું કે નવલકથા એક સામાજિક સંસ્થા છે. તેને જીવન સંદર્ભે જાણવી પડે.

અંતમાં શ્રી રાજેન્દ્ર પટેલે બધાંનો – ખાસ ‘સાહિત્યસંગમ’, પૂ. નાનુદાદા તથા તેમના પરિવારજનનો આભાર માન્યો. વિશેષે તો શ્રી નારાયણભાઈ દેસાઈની આખા નવલકથા સત્ર દરમિયાન હાજરી રહી તેનો બધાંને આનંદ રહ્યો. અંતે ‘સાહિત્યસંગમ’ પરિવારનું પ્રેમભર્યું આતિથ્ય તો કેમ ભુલાય ?

**– રૂપા એ. શેઠ**

S


પરબ v એપ્રિલ, ૨૦૧૦



# પરિષદવૃત્ત

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

## છવ્વીસમું જ્ઞાનસત્ર મોડાસામાં

ગુજરાતી સાહિત્ય પરિષદનું છવ્વીસમું જ્ઞાનસત્ર શ્રી એમ. એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસા (સા.કાં.)ના આમંત્રણથી આગામી ડિસેમ્બર તા. ૨૪, ૨૫, ૨૬, ૨૦૧૦ દિવસોમાં યોજાશે.

આગામી કાર્યવાહક સમિતિ સવારે ૧૧.૦૦ વાગે તથા મધ્યસ્થ સમિતિની મિટિંગ ૨.૩૦; બપોરે તારીખ : ૧૩-૬-૨૦૧૦ના રોજ પરિષદ ભવનમાં રાખવામાં આવી છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | **માતૃભાષા સંવર્ધન કેન્દ્ર માટે** | | | |
| | **મળેલ દાન :** ગુણવંત શાહ | વડોદરા | ૫૦,૦૦૦ | |
| ૨. | જૈન સોશ્યલ ગ્રૂપ ઈન્ટરનૅશનલ ફેડરેશન (હસ્તે ગુણવંત શાહ) | અમદાવાદ | ૧૦,૦૦૦ | |
| ૩. | **અનુવાદ કેન્દ્ર માટે મળેલ દાન** | | | |
| | પ્રદીપ ખાંડવાળા | અમદાવાદ | ૧,૦૦,૦૦૦ | |
| ૪. | **રવીન્દ્રભવન માટે મળેલ દાન** | | | |
| | અજિત ભગત મેમોરિયલ ટ્રસ્ટ | અમદાવાદ | ૫,૦૦૦ | |
| ૫. | **પરબ અપીલ પેટે મળેલ દાન** | | | |
| | પ્રમોદચંદ્ર યુ. પટેલ | અમદાવાદ | ૨,૦૦૦ | |
| ૬. | **સીતારામ સેવા ટ્રસ્ટ** | મહુવા | ૫૦,૦૦૦ | |
| ૭. | અરુણાબહેન જયંતભાઈ નાયી | મહેસાણા | ૨૫,૦૦૦ | |
| ૮. | સુકુમાર પરીખ | અમદાવાદ | ૫૦,૦૦૦ | ગુ.સા.પ. |
| ૯. | જયંત આર. પેંઢારકર | મુંબઈ | ૫૦,૦૦૦ | સ્થાયી ફંડ માટે |

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં પારિતોષિકો

૨૦૦૮ અને ૨૦૦૯નાં બે વર્ષના ગાળામાં પ્રસિદ્ધ થયેલાં પ્રથમ આવૃત્તિવાળાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી નીચે પ્રમાણેનાં પારિતોષિકો એનાયત કરવામાં આવશે. સર્વ લેખકો અને પ્રકાશકોને મે માસની ત્રીસમી તારીખ સુધીમાં દરેક પુસ્તકની બે નકલો, કયા પારિતોષિક માટે છે તે વિગત પુસ્તકના પહેલા પાના પર દર્શાવીને પરિષદ કાર્યાલય પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

**૧. શ્રી ભગિની નિવેદિતા પારિતોષિક :** ૨૦૦૮ અને ૨૦૦૯ના બે વર્ષ દરમ્યાન પ્રકાશિત થયેલાં લેખિકાઓના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિઃ ૐ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨. શ્રી અરવિંદ (સુવર્ણચંદ્રક) પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભક્તિવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિ ૐ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૩. શ્રી ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ સાહિત્યિક પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૪. શ્રી કાકાસાહેબ કાલેલકર પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા નિબંધ, પ્રવાસ, સ્મરણો, જીવનચરિત્રો આદિ પ્રકારનાં સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૫. શ્રી બટુભાઈ ઉમરવાડિયા એકાંકી પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં એકાંકીઓમાંથી સર્વશ્રેષ્ઠ એકાંકીને પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૬. શ્રી પ્ર. ત્રિવેદી પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯ના બે વર્ષ દરમ્યાન પ્રકાશિત થયેલાં શિક્ષણ વિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૭. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં સમાજ, શિક્ષણ વગેરે વિષેના ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૮. શ્રી જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક :** ૨૦૦૮ અને ૨૦૦૯નાં વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા હાસ્ય, વિનોદ, કટાક્ષ વગેરેના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૯. શ્રી બી. એન. માંકડ ષષ્ટિપૂર્તિ પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લોકભોગ્ય વિજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૦. શ્રી રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સાહિત્યશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૧. શ્રી તખ્તસિંહ પરમાર પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લેખકના પ્રથમ સર્જનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તક (કવિતા, નાટક, નવલકથા સ્વરૂપના)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૨. શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા વિવેચન અથવા સામાજિક તત્ત્વજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૩. શ્રી નટવરલાલ માળવી પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા બાળસાહિત્યના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૪. **શ્રી ઉશનસ્ પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં સર્વશ્રેષ્ઠ દીર્ઘકાવ્યો (સૉનેટમાળા, ખંડકાવ્યો, પદ્યનાટક કે અન્ય પ્રકારનાં વર્ણનાત્મક

ચિંતનાત્મક દીર્ઘકાવ્યોની કૃતિ ગ્રંથસ્થ અથવા કોઈ સામયિકમાં પ્રગટ થયેલી હોવી જરૂરી છે.)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૫. શ્રી દિલીપ ચં. મહેતા પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ ગઝલસંગ્રહને અથવા જે કાવ્યસંગ્રહમાં ગઝલોની નોંધપાત્ર સંખ્યા હોય તેને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૬. શ્રી મહેન્દ્ર ભગત (દીર્ઘનાટક) પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા દીર્ઘનાટકોને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૭. શ્રી રમણ પાઠક ષષ્ટિપૂર્તિ પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ નવલિકાસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૮. શ્રી સદ્‌વિચાર પરિવાર પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા સર્વશ્રેષ્ઠ પ્રેરક સાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૯. શ્રી ગોપાળરાવ વિદ્વાંસ પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભારતીય ભાષાઓમાંથી થયેલા ભાષાંતરના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૦. શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ (સમાજશાસ્ત્ર) પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભૂગોળ-સમાજશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૧. શ્રી રમણલાલ સોની (બાળ-કિશોર સાહિત્ય) પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ બાળ-કિશોરસાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૨. શ્રી સુરેશા મજૂમદાર પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા સ્ત્રી-અનુવાદકના અનુવાદગ્રંથને અથવા ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલાં કવયિત્રી રચિત સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૩. ડૉ. રમણલાલ જોશી વિવેચન પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા વર્ષદીઠ એક-એક વિવેચનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૪ ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (મહાનિબંધ) પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત-અપ્રકાશિત બંને પ્રકારના પરંતુ નિર્દિષ્ટ સમયગાળામાં યુનિવર્સિટી દ્વારા મંજૂર થયેલા સર્વશ્રેષ્ઠ મહાનિબંધને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૫. ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (લલિતનિબંધ) પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લલિતનિબંધના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૬. શ્રી દિનકર શાહ 'કવિ જય' પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા કવિના પ્રથમ સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૭. શ્રી દોલત ભટ્ટ પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલી ગ્રામજીવન પર લખાયેલી સર્વશ્રેષ્ઠ નવલકથા અથવા લોકસાહિત્યવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૮. શ્રી પ્રિયકાન્ત પરીખ નવલકથા પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલી વર્ષદીઠ એક-એક સર્વશ્રેષ્ઠ નવલકથાઓને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૯. શ્રી પંડિત બેચરદાસ જીવરાજ દોશી પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સંસ્કૃત-પ્રાકૃત ગુજરાતી વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૦. **કવિશ્રી ભાનુપ્રસાદ પંડ્યા પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા મૌલિક ગીતસંગ્રહના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૩૧. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૩૨. શ્રી રામુ પંડિત (અર્થશાસ્ત્ર, વાણિજ્ય, ઉદ્યોગ) પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા અર્થશાસ્ત્ર-વાણિજ્ય-પ્રબંધ-ઉદ્યોગમાં માનવીય સંબંધવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૩૩. શ્રી પ્રભાશંકર તેરૈયા પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થયેલા ભાષાવિજ્ઞાન-વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૩૪. સર્વોદય આશ્રમ સણાલી 'કરુણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશન' પારિતોષિક :** ૨૦૦૮-૨૦૦૯નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત લોકસાહિત્યવિષયક શ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૩૫. ડૉ. બી. ટી. ત્રિવેદી (ચર્ચાપત્રી) પારિતોષિક :** આ પારિતોષિક સંદર્ભે એન્ટ્રી મોકલવાની રહેતી નથી કે કશી રજૂઆત પણ કરવાની થતી નથી.

**૩૬. ગુજરાત દર્પણ પારિતોષિક :** (દરિયાપારના સાહિત્યકારો માટે) વર્ષ ૨૦૦૬-'૦૭-'૦૮નાં ત્રણ વર્ષ દરમ્યાન પ્રકાશિત થયેલા નવલિકાસંગ્રહના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૩૭. શ્રી ચંદ્રકાન્ત ન. પંડ્યાપ્રેરિત ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ લેખ પારિતોષિક**

**૩૮. ચિ. શિ. ત્રિવેદીપ્રેરિત ન્હાનાલાલ અને રા. વિ. પાઠક ('પરબ' પ્રકાશિત) બે શ્રેષ્ઠ કાવ્ય પારિતોષિક**

**૩૯. શ્રી નાનુભાઈ ફાઉન્ડેશન ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નિબંધ પારિતોષિક**

**૪૦. શ્રી નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નવલિકા પારિતોષિક**

**નોંધ :** 'પરબ' પારિતોષિકો વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન 'પરબ'માં પ્રકાશિત થયેલ શ્રેષ્ઠ કાવ્ય, લેખ, નિબંધ અને નવલિકાને પ્રતિવર્ષ એક એક પારિતોષિક આપવામાં આવે છે.

**પ્રફુલ્લ રાવલ**
પ્રકાશનમંત્રી

S

તા. ૩-૩-૧૦ ને બુધવારે સાંજે ૬.૦૦ કલાકે રવીન્દ્રભવનના ઉપક્રમે કાદંબરીદેવીના સંદર્ભો હોય તેવાં રવીન્દ્રનાથનાં કાવ્યો અને ગીતોના ગાન અને પઠનનો કાર્યક્રમ થયો. સમગ્ર કાર્યક્રમ રેકોર્ડ કરેલો હતો. શ્રી શૈલેશ પારેખે આરંભમાં ભૂમિકા બાંધી આપી હતી.

S

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી'ના ઉપક્રમે તા. ૫-૩-૧૦ને શુક્રવારે શ્રી ગુણવંત વ્યાસે વાર્તાપઠન કર્યું. ત્યાર બાદ વાર્તા વિશે ઉપસ્થિત ભાવકો દ્વારા ચર્ચા વિચારણા થઈ હતી.

S

દર્શક ફાઉન્ડેશન અને ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક.લા. સ્વાધ્યાયમંદિરના સંયુક્ત ઉપક્રમે તા. ૬-૩-૨૦૧૦ના રોજ રઘુવીર ચૌધરીના પ્રમુખપદે ભગવાનદાસ પટેલકૃત 'મારી લોકયાત્રા', ભગવતીકુમાર શર્માકૃત 'સુરત મુજ ઘાયલ ભૂમિ' અને રસિક શાહકૃત 'અંતે આરંભ' વિશે 'ગ્રંથવિમર્શ'નો કાર્યક્રમ સાંજે ૫.૩૦ વાગ્યે ગોવર્ધનસ્મૃતિમંદિરમાં યોજાયો હતો.

પ્રારંભે શ્રી મનસુખ સલ્લાએ દર્શક ફાઉન્ડેશન અને વક્તાઓનો પરિચય આપ્યો હતો. કાનજી પટેલે 'મારી લોકયાત્રા' વિશેના વક્તવ્યમાં ભગવાનદાસ પટેલને સવાઈ ભીલ તરીકે ઓળખાવ્યા હતા. ભગવાનદાસના જીવનનાં જુદા જુદા પ્રસંગોને ટાંકીને તેમની આનંદયાત્રાની ચર્ચા કરી હતી. સુશ્રી સુનિતા ચૌધરીએ 'સુરત મુજ ઘાયલ ભૂમિ' વિશેના વક્તવ્યમાં ભગવતીકુમાર શર્માના જીવન-કવન અને પત્રકારત્વને આપતી સંસ્મરણકથાની ચર્ચા કરી હતી. રાજેન્દ્ર પટેલે રસિક શાહકૃત વિવેચનગ્રંથ 'અંતે આરંભ'ની ચર્ચા કરતાં ગ્રંથના ૭૨ લેખોને વિવિધ વિભાગોમાં વહેંચીને રસિક શાહે વિવેચક તરીકે કરેલા કામની વિગતે ચર્ચા કરી હતી. પ્રમુખપદેથી રઘુવીર ચૌધરીએ ભગવાનદાસ પટેલ, ભગવતીકુમાર શર્મા અને રસિક શાહના ગ્રંથોની વિશિષ્ટતા ચીંધી આપી હતી. અંતમાં મનસુખ સલ્લાએ સૌનો આભાર માન્યો હતો.

S

## તથ્ય સૌનું નિસબત આપણી

તાજેતરમાં આ જગત પરથી ''બો'' નામની ભાષાનો અંત આવ્યો. આંદામાન નિકોબારના એક ટાપુ ઉપર છવ્વીસમી જાન્યુઆરીએ આ ભાષા બોલતી છેલ્લી વ્યક્તિ, એક વૃદ્ધાનું અવસાન થયું. એ સાથે એ ભાષાના પાંસઠ હજાર વર્ષ મૃત્યુ પામ્યાં. છેલ્લે છેલ્લે એ દાદીમા રાતદિવસ આકાશ સામે જોઈને વાતો કર્યે રાખતાં અને વૃક્ષ ઉપર કલરવ કરતાં પક્ષીઓ સાથે ગીત ગાયા કરતાં. એમનું માનવું હતું કે આકાશ એમની ભાષા સમજે છે અને એ એમની ભાષા સાચવી રાખશે, પંખીઓ એમનાં ગીત ગાતાં રહેશે. એક અંદાજ અનુસાર વરસેદાડે દશએક ભાષાઓ લુપ્ત થાય છે. એક કાળે લગભગ સાત હજાર ભાષાઓ હતી હવે માંડ ચાર હજાર બચી છે. જે ઝડપે ભાષાઓ ભૂંસાય છે એ રીતે હવે સદીના અંતે માંડ બસો ભાષા અસ્તિત્વમાં હશે. ભાષા એક જીવનદષ્ટિ છે, સ્વ ઓળખ છે અને સંસ્કૃતિ એના થકી સચવાય છે, એ હવે નિર્વિવાદ તથ્ય છે, ત્યારે છેલ્લાં બેએક વર્ષથી પરિષદે આ અંગે જે પ્રયત્નો કર્યા છે એ ખૂબ મહત્ત્વના છે.





પહેલાં સાહિત્યયાત્રા પછી નગર-કાવ્યયાત્રા છેલ્લે માતૃભાષા વંદનાયાત્રા. એ ત્રણે કાર્યક્રમોના ફેલાવા સાથે હવે વાંચે ગુજરાત અભિયાનનો આરંભ, માતૃભાષાનો અનેરો મહિમા ઊભો કરશે. આ દરમિયાન છએક સંસ્થાઓ પરિષદમાં ભેગી મળી અને શાળા-સમાજ-સરકારને સાંકળી ગુજરાતી ભાષાની નીતિના સંદર્ભે વૈજ્ઞાનિક ઢબે સઘન વિચાર વિમર્શ આરંભ્યો. આ અરસામાં જ વડોદરામાં ભાષા સંગમનો અભૂતપૂર્વ કાર્યક્રમ પણ યોજાયો, જેમાં સમગ્ર દેશમાંથી ત્રણ સો જેટલી ભાષા બોલનારા એકઠાં થયાં અને માતૃભાષાના જતન માટે શું કરી શકાય એનું સહચિંતન થયું. પરિષદે આ બધાય કાર્યક્રમોને નિજી માન્યા અને વત્તેઓછે એમાં જોડાઈ છે એ વાત આવનારા સમય માટે પરિષદની વ્યાપક ભૂમિકા સ્પષ્ટ કરે છે.

સાહિત્યયાત્રાની પ્રકલ્પના નારાયણ દેસાઈની હતી. પાંચ તબક્કામાં પૂરી થયેલી યાત્રા એકતાળીસ સ્થળોમાંથી પસાર થઈ. બસોથી વધુ સંસ્થાઓ જોડાઈ, કુલ એકતાળીસ સાહિત્યકારો સામેલ થયા, બસો જેટલા નવસર્જકોને તક મળી, માતૃભાષાનો મહિમા થયો, વાચનનું મહત્ત્વ દર્શાવાયું અને સાહિત્ય - સમાજનો અનુબંધ જીવંત થયો. હવે આ પ્રવૃત્તિ પરિષદની કાયમી પ્રવૃત્તિ બની રહેશે. બીજો પ્રયોગ જુદો હતો. અમદાવાદમાં બાર સદ્‌ગત કવિઓના સ્થાને જઈ એમની રચનાઓનું પઠન યોજવામાં આવ્યું. અખાથી આદિલ સુધીની યાત્રામાં પ્રથમ વલી ગુજરાતીથી ન્હાનાલાલ સુધી યાત્રા થઈ. પછી દલપતરામથી આખો અને આદિલના ઘર સુધી પદયાત્રા ગોઠવાઈ. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પણ જોડાઈ. આંતરાષ્ટ્રિય સંસ્કૃતિ દિવસ આમ ઉજવાયો. પણ આ લેખ લખવાનું પ્રયોજન તો માતૃભાષા વંદનાયાત્રાના કાર્યક્રમની વિગત આપવી અને પરિષદમાં એકવિસમી ફેબ્રુઆરીના રોજ માતૃભાષા દિવસ ઊજવ્યો એના વિષે ખાસ વાત કરવી એ છે.

એક દિવસે ગુણવંત શાહે ટી.વી.માં સમાચાર સાંભળ્યા તમિલનાડુની કોઈક સ્કૂલમાં વિદ્યાર્થીને કઠોર શિક્ષા કરવામાં આવી એનું કારણ એ હતું કે એ અંગ્રેજીને બદલે પોતાની ભાષામાં બોલેલો. એ વાતે ગુણવંતભાઈને હલાવી દીધા. એમણે એક અભિયાન શરૂ કર્યું. માતૃભાષા વંદનાયાત્રા. જૂનાગઢથી સુરત અઢાર સ્થળોએ સળંગ પ્રવાસ કર્યો. દરેક સ્થળે રેલી યોજી, વક્તવ્યો થયાં, પુસ્તક પ્રદર્શન અને વેચાણ કેન્દ્રો ઊભા થયાં. અનેક સંસ્થાઓ જોડાઈ. દરેક જગાએ હજારો લોકો સંકળાયાં. માતૃભાષાનો અનેરો મહિમા સર્જાયો. ગુણવંતભાઈ અને બીજા સાહિત્યકારો રાતદિવસ એમાં જોડાયા. મુખ્ય યાત્રાઓ સાથે ઉપયાત્રાઓ સામેલ થઈ. એમ કહેવાય ગુણવંતભાઈની લોકપ્રિયતાને ગુજરાતી પ્રેમમાં પલોટવાઈ. એમની ભાષાપ્રીતિ અને નિસબત પાકેપાયે પ્રગટી. સ્વ. ખર્ચે અથાકપણે એ દોડ્યાં અને કાયમી ધોરણે આ પ્રવૃત્તિ ચાલુ રહે માટે પરિષદને દાન પણ આપ્યું. સુઆયોજિત, શિસ્તબદ્ધ અને ઘડિયાળને કાંટે ચાલેલી આ યાત્રા ખૂબ સફળ થઈ. આપણાં આદ્ય કવિ નરસિંહ મહેતાના સ્થળ જૂનાગઢથી સુધારક નર્મદના સુરત સુધીની આ માતૃભાષાવંદનાયાત્રા માટે ગુણવંતભાઈને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા. આ યાત્રાથી ગુજરાતભરમાં એક સરસ વાતાવરણ રચાયું છે. હજુય અમદાવાદની યાત્રાનો સ્વાદ મનમાં વસી ગયેલો છે. ગૂજરાત વિદ્યાપીઠથી પરિષદ સુધી આવેલી રેલીની સભામાં ગુણવંતભાઈ, વિનોદ ભટ્ટ, રઘુવીરભાઈ, ભોળાભાઈનાં વક્તવ્યો થયાં અને પાર્થિવ ગોહિલના

ગાનથી આરંભાયેલી સભાનું સંચાલન ઉષાબહેન ઉપાધ્યાયે કર્યું હતું. એ સૌના શબ્દો મનમાંથી ખસ્યા ન હતા ને એકવીસમી ફેબ્રુઆરીએ વિશ્વભરમાં માતૃભાષા દિવસ ઉજવાયો એનાં અંતર્ગત ફરીથી પરિષદના પ્રાંગણમાં ભવ્ય કાર્યક્રમ ગોઠવાયો. આ સભાનું અધ્યક્ષસ્થાન જાણીતા આંતરરાષ્ટ્રિય ભાષાવિદ અને શિક્ષણકાર ડૉ. રવીન્દ્ર દવેએ સંભાળ્યું. શાળા-સમાજ-સરકારને સાંકળીને યોજાયેલા આ વિશિષ્ટ કાર્યક્રમમાં સરકારમાંથી શિક્ષણસચિવ હસમુખ અઢિયા આવ્યા. ગુણવંતભાઈ, ભોળાભાઈ, કુમારપાળ દેસાઈ, હસમુખ અઢિયા અને રવીન્દ્રભાઈ દવેએ અભ્યાસપૂર્ણ વક્તવ્યો આપ્યાં. ડૉ. પી.જી. પટેલે સંચાલન કર્યું. આ સંસ્થા સ્વર્ણિમ શિક્ષણ સંગઠન છેલ્લાં છ વર્ષથી શાળા શિક્ષણ અભિયાન ચલાવે છે. એ સંગઠન સાથે સાથે ભાષાના અભિયાનમાં હવે ગુજરાત વિશ્વકોશ, ભારતીય સમુદાય શિક્ષણ સંઘ, ગુજરાત કેળવણી પરિષદ, સમન્વય અને ગુજરાત વિદ્યાસભા પણ સાથે જોડાયાં. પરિષદમાં આ પ્રવૃત્તિ હવે કાયમી ધોરણે ચાલશે. એક વિભાગ નામે માતૃભાષા સંવર્ધન કેન્દ્ર કાર્યરત થયું.

આ બધા અતિનિસબત ધરાવતા કાર્યક્રમોથી સમગ્ર ગુજરાતમાં માતૃભાષાનિષ્ઠા ધરાવતાં બૌદ્ધિકો, શિક્ષણકારો, કેળવણીકારો, કર્મનિષ્ઠો, સાહિત્યકારો તથા ભાષાપ્રેમીઓ એકઠાં થયાં. ગુજરાતભરમાં પ્રથમ વાર આવી જાગૃતિ ઊભી થઈ. હવે આ જાગૃતિ કેમ સક્રિય અમલમાં રૂપાંતર પામે એની મથામણ ચાલે છે.

એકવીસમી ફેબ્રુઆરીને દિવસે પરિષદને સાહિત્યયાત્રા દરમિયાન જે મિત્રોએ મદદ કરી હતી એ બધાને માતૃભાષા દિવસ ઊજવવા વિનંતી કરેલી, ગુજરાતના વિવિધ સ્થળોએ અનેક સંસ્થાઓએ ખૂબ ઉમળકાથી આ દિવસ ઊજવ્યો. ખબરપત્રોમાંય માતૃભાષાનો મહિમા કરતા અનેક લેખો આવ્યા.

આ દરમિયાન બીજી એક સરસ વાત આકારિત થઈ. પરિષદમાં છેલ્લા કેટલાંક મહિનાઓથી રતિલાલ બોરીસાગર ભાષાશુદ્ધિનો દર માસે એક વર્ગ લે છે. એ પ્રયોગ સફળ રહ્યો. હવે જુલાઈ માસથી પંદર દિવસનો ભાષા કૌશલ્યનો કોર્સનો આરંભ થશે. સવિશેષ પઠન અને લેખનમાં શુદ્ધિ પ્રાપ્ત થાય એ માટેનો કોર્સ ભાષાવિદો જોડે બેસી ઘડી કાઢ્યો છે. કોર્સના અંતે પરીક્ષા લઈ એનું પ્રમાણપત્ર આપવામાં આવશે. ભવિષ્યમાં આખા ગુજરાતમાં આ કોર્સ શરૂ થાય એવો પ્રયત્ન કરવામાં આવશે.

હમણાં આઠ, નવ માર્ચના રોજ વડોદરા-તેજગઢમાં ભાષા-સંગમ નામના કાર્યક્રમમાં એક સરસ વાત થઈ, ગણેશ દેવીએ ભાષાવન (Forest of Languages)નો એક અદ્‌ભુત વિચારનો અમલ કર્યો. તેજગઢમાં એક જગ્યાએ ત્રણ સો ભાષાના પ્રતીકરૂપે ત્રણ સો વૃક્ષો રોપવામાં આવ્યાં. હવે ત્યાં એની માનવજત લેવામાં આવશે. એક સુંદર ભાષાવન ઊભું થશે. ભાષા અને ભાવનાનું સાયુજ્ય સાચી સંવેદનાનું નિર્માણ કરે છે. અંગ્રેજી ભાષાનો વ્યામોહ અને માતૃભાષા માટેની લઘુતાગ્રંથિમાંથી મુક્ત થવા આપણને આપણી અંદરનું પ્રામાણ્ય જ બચાવી શકશે. માતૃભાષા આપણને આ અંદરના પ્રામાણ્યની શોધમાં મદદ કરે છે. અંગ્રેજી ભાષાનો કે બીજી કોઈ પણ ભાષાનો વિરોધ હોઈ જ શકે નહીં, એ વાત સાથે હવે સૌ કોઈ સહમત થાય છે. આપણે આટલી જ સહમતિ આપણી ભાષા માટે કેળવવી પડે એ સ્થિતિ ખરે જ વિચારવા જેવી છે. પરિષદ હવેના સમયમાં લાંબાગાળાના ઘણાં કાર્યક્રમોમાં જોડાય છે ત્યારે એક સો વર્ષ જૂની આ સંસ્થા આવનારા સમયમાં વિવિધ કાર્યક્રમો દ્વારા ભાષા-સાહિત્ય-સમાજ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા સ્પષ્ટ કરે છે. હમણાં હમણાંનાં આવા અનેક કાર્યક્રમોમાંથી પસાર થતાં એક વાતે શ્રદ્ધા પાકી થઈ છે, સાડા પાંચ કરોડ વ્યક્તિઓમાંથી અવશ્ય એવી અનેક વ્યક્તિઓ માતૃભાષા માટે આગળ આવશે જ, અને આપણી ભાષા હંમેશાં લીલી રહેશે.

**– રાજેન્દ્ર પટેલ**

S

## સાહિત્યસિદ્ધાંત શ્રેણી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા પૂર્વ અને પશ્ચિમના સાહિત્યવિચારનો તુલનાત્મક અભ્યાસ થાય તથા નૂતન પ્રવાહોની જાણકારી મળે તે હેતુથી ‘સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાન શ્રેણી’ આયોજિત થઈ છે. જેના અંતર્ગત બીજું વ્યાખ્યાન તા. ૨૫-૨-૧૦ના રોજ ડૉ. સુમન શાહે ‘સાહિત્ય સિદ્ધાંતના સ્વરૂપની વિચારણા’ વિષય પર રજૂ કર્યું. આરંભે શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિરના કાર્યકારી નિયામક શ્રી ડૉ. પારુલબહેન દેસાઈએ વ્યાખ્યાનશ્રેણીના દ્વિતીય વ્યાખ્યાન પ્રસંગે ભૂમિકા બાંધી, ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી શ્રી રાજેન્દ્રભાઈ પટેલે ડૉ. સુમન શાહના સર્જક-વિવેચક પ્રતિભાનો તેમજ સુજોસાફો વાર્તાશિબિર અને ‘સન્નિધાન’ના પ્રેરક તરીકેનો પરિચય કરાવ્યો.

ડૉ. સુમન શાહે સર્વે શ્રોતાગણને વિષયની વધુ નજીક લઈ જવા સૌપ્રથમ વિષયને અનુરૂપ એક રૂપરેખા આપી. ત્યાર બાદ તેમણે સાહિત્યસિદ્ધાંતને થિયરી, લૉ, અને પ્રિન્સિપલ – એ ત્રણેય સંજ્ઞાઓ સાથે મૂકી તેની તુલનાત્મક ચર્ચા કરી. તેમણે સાહિત્યસિદ્ધાંતની ઊંડી સમજ આપવા ‘એરિસ્ટોટલની ટ્રેજેડી’ અને ‘ભરતનું રસસૂત્ર’ને ઉદાહરણરૂપે રજૂ કર્યાં. વળી, સાહિત્યસિદ્ધાંતની જો ત્રણ વર્ગોમાં ચર્ચા કરવાની હોય તો કઈ રીતે કરી શકાય તેનું સુરેખ માળખું પણ તેમણે રજૂ કર્યું. અમારા જેવા અધ્યાપકો માટે આ માળખું ચોક્કસપણે માર્ગદર્શક બની રહેશે.

ડૉ. સુમન શાહે ખૂબ જ ઓછા સમયમાં સાહિત્યસિદ્ધાંતની વિશદ ચર્ચા કરી. આ નૂતન શ્રેણીના દ્વિતીય વ્યાખ્યાનમાં પચાસેક જેટલા શ્રોતાઓ જોડાયા. આમ, વ્યાખ્યાન અંતે શ્રોતાઓ આ જ્ઞાનોત્તેજક વ્યાખ્યાનથી સભરતા અનુભવતા છૂટા પડ્યા.

**– વિભા ત્રિવેદી**

r

## જોસેફ મૅકવાનનું અવસાન

લોકપ્રિય નવલકથાકાર, ચરિત્રકાર જોસેફ મૅકવાનનું તા. ૨૮ માર્ચ, ૨૦૧૦ના રોજ અવસાન થયું છે. એમના આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના.

# સાહિત્યવૃત્ત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

### એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજી દ્વારા પ્રૂફવાચન કાર્યશિબિર :

લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર દ્વારા સંસ્થાના નિયામક ડૉ. જિતેન્દ્ર શાહના અધ્યક્ષપદે તા. ૨૭, ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ પ્રૂફવાચન કાર્યશિબિરનું આયોજન થયું. જેમાં શ્રી જિતેન્દ્રભાઈ, શ્રી નારણભાઈ પટેલ તથા રોહિત કોઠારી ઉપસ્થિત રહ્યા હતા.

### એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજી દ્વારા વ્યાખ્યાન

લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર દ્વારા શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલજીભાઈ સ્મૃતિ વ્યાખ્યાનમાળા અંતર્ગત જરથુષ્ટ્ર ધર્મ અને દર્શન વિશે ડૉ. હોમી ધાલાના વ્યાખ્યાનોનું તા. ૨થી ૪ માર્ચ, ૨૦૧૦ દરમિયાન આયોજન થયું. તથા તા. ૧૮ માર્ચ, ૨૦૧૦ના રોજ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે 'સંસ્કૃત સુભાષિતો' વિશે વ્યાખ્યાન આપ્યું.

### જૈન ભંડારોની સાહિત્યિક સમૃદ્ધિ વિશે વ્યાખ્યાન

રાષ્ટ્રીય હસ્તપ્રત મિશન, સંસ્કૃતિ વિભાગ, ભારત સરકાર, નવી દિલ્હીના ઉપક્રમે સંસ્કૃત સેવા સમિતિ, અમદાવાદ દ્વારા એલ. ડી. ઇસ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજીમાં, 'જૈન ભંડારોની સાહિત્યિક સમૃદ્ધિ' વિશે તા. ૫ માર્ચ, ૨૦૧૦ના રોજ સંસ્થાના નિયામક ડૉ. જિતેન્દ્ર શાહે વ્યાખ્યાન આપ્યું હતું.

### નાટ્યલેખક-દિગ્દર્શક કાર્યશિબિર

ઑગસ્ટ-'૦૯થી ફેબ્રુઆરી-'૧૦ વચ્ચે ચાર તબક્કામાં નાટ્યલેખક-દિગ્દર્શક કાર્યશિબિર પૂરી થઈ. આ માટે થિયેટર મીડિયા સેન્ટર સાથે કેન્દ્રીય સંગીત નાટક એકેડમી, દિલ્હી અને રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય (NSD), દિલ્હીએ સહકાર આપ્યો હતો. આ કાર્યશિબિરને શ્રી દેવેન્દ્ર રાજ 'અંકુર', દિનેશ ખન્ના (NSD) ઉપરાંત વિનોદ અધ્વર્યુ, બારાડી આદિનો લાભ મળ્યો હતો.

### ભુજ અને માંડવીમાં 'ધૂળનો સૂરજ' નાટકના બે પ્રયોગો

ગુજરાતી ભાષાના લબ્ધપ્રતિષ્ઠિત વાર્તાકાર જયંત ખત્રીની જન્મશતાબ્દી નિમિત્તે ભુજની સંસ્થા 'સંસ્મૃતિ' તથા માંડવીની વી.આર.ટી.આઈ.ના ઉપક્રમે શતાબ્દીવંદના કાર્યક્રમ અંતર્ગત જયંત ખત્રીના જીવનને રંગમંચ પર પ્રત્યક્ષ કરતું ડૉ. સતીશ વ્યાસ લિખિત નાટક 'ધૂળનો સૂરજ'નું મંચન ભાવનગર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના 'નાટ્યવર્તુળ'ના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૧૦ અને ૧૧ ઑક્ટો.'૦૯ના દિવસોમાં ભુજ અને માંડવી મુકામે થયું. ગુજરાતી ભવનના રીડર ડૉ. મહેન્દ્રસિંહ પરમારના દિગ્દર્શનમાં કચ્છી ધરાના પાણીદાર સર્જક, વ્યવસાયે ડૉક્ટર એવા જયંત ખત્રીની જીવનલીલા રંગભૂમિ પર પ્રત્યક્ષ થઈ તે વેળાએ જયંત ખત્રીનાં પરિવારજનો, સહકર્મીઓ, નાટકમાં પાત્ર તરીકે આવતા નારાયણ રામજી ખારવા તથા નાટ્યલેખક સતીશ વ્યાસ અને વિશાળ પ્રેક્ષકસમૂહની હાજરી રોમાંચક રહી. બંને પ્રયોગોને





સફળ બનાવવા શ્રી કીર્તિ ખત્રી, ઝવેરીલાલ સોનેજી, ગોરધન 'કવિ', પ્રા. રાજેશ બસિયાની સક્રિય ભૂમિકા રહી. નાટકમાં જયંત ખત્રીની ભૂમિકામાં શક્તિ પરમારે જીવંત અભિનય કર્યો. ૨૦ જેટલાં વિદ્યાર્થી-કલાકારોએ એક કરતાં વધુ પાત્રો ભજવવાનો અનુભવ લીધો.

### ગૂજરાત વિદ્યાપીઠમાં નાનાભાઈના જીવન પર આધારિત નાટક 'ખોજ અજવાસની' ભજવાયું.

ગૂજરાત વિદ્યાપીઠના નવસ્થાનિત ગાંધીથિયેટરના આમંત્રણથી ગુજરાતી ભાષા – સાહિત્ય ભવન, ભાવનગર યુનિવર્સિટીના અનૌપચારિક નાટ્યજૂથ 'નાટ્યવર્તુળ' દ્વારામાં તૈયાર થયેલું, સુખ્યાત કેળવણીકાર નાનાભાઈ ભટ્ટના જીવનપ્રસંગોને આવરી લેતા નાટક 'ખોજ અજવાસની'નો છઠ્ઠો પ્રયોગ ગૂજરાત વિદ્યાપીઠના પ્રાણજીવન છાત્રાલયમાં તા. ૨, જાન્યુ. ૨૦૧૦ના રોજ યોજાયો. લેખન-સંયોજન-દિગ્દર્શન મહેન્દ્રસિંહ પરમારે કર્યું. નાનાભાઈની ભૂમિકા કવિત પંડ્યાએ કરી. પ્રયોગમાં અન્ય પંદર વિદ્યાર્થી-કલાકારોએ ભાગ લીધો. નાટકનો આ છઠ્ઠો પ્રયોગ હતો. નાનાભાઈ ભટ્ટના સુપુત્ર શ્રી ભરત ભટ્ટ, શ્રી રમેશ ૨. દવે, શ્રી કાન્તિ પટેલ (રંગલો), ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રી રાજેન્દ્ર ખીમાણીની પ્રેરક ઉપસ્થિતિમાં પાંચસો જેટલા વિદ્યાર્થીઓ – શિક્ષકોએ આ પ્રયોગને માણ્યો હતો.

### 'માતૃભાષા શિક્ષણ અને ભાષાનીતિ' પરિસંવાદ

તા. ૨૫ અને ૨૬ ફેબ્રુ., ૨૦૧૦ના રોજ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના ભાષાભવન ખાતે પશ્ચિમ વિભાગીય ભાષા કેન્દ્ર, પૂણે અને ભાષાવિજ્ઞાન વિભાગ, ગુજ. યુનિ.ના સંયુક્ત ઉપક્રમે 'માતૃભાષા-શિક્ષણ અને ભાષાનીતિ' અંગે પરિસંવાદ યોજાઈ ગયો જેમાં ડૉ. યોગેન્દ્ર વ્યાસ, ડૉ. અરવિંદ ભાંડારી, ડૉ. ઊર્મિલા શાહ, ડૉ. સુરેશ શુક્લ, ડૉ. નીલોત્પલા ગાંધી, ડૉ. હર્ષદ પટેલ, ડૉ. નલિન પંડિત વગેરેનાં વક્તવ્યો રજૂ થયાં.

### માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી

'ગુજરાતી સાહિત્ય પરિષદ', 'નર્મદ સાહિત્ય સભા' અને 'સાહિત્ય સંગમ'ના સંયુક્ત ઉપક્રમે 'વિશ્વ માતૃભાષા દિન' નિમિત્તે માતૃભાષાનું ગૌરવ કરવા દ્વિ-દિવસીય ઉજવણી થઈ. જેમાં પરિષદ-પ્રમુખશ્રી ભગવતીકુમાર શર્મા, શ્રી નાનુભાઈ નાયક, શ્રી રવીન્દ્ર પારેખ, શ્રી રમેશ ઓઝા, શ્રી બકુલેશ દેસાઈ, શ્રી જનક નાયક આદિએ વક્તવ્ય રજૂ કર્યાં. એ પછી ગાંધીબાગમાં વીર નર્મદની પ્રતિમાથી નર્મદના મકાન સરસ્વતી મંદિર સુધી માતૃભાષા ગૌરવયાત્રા નીકળી હતી.

વલસાડમાં 'સંસ્કારમિલન'ના ઉપક્રમે માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી થઈ હતી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર દ્વારા પણ માતૃભાષા ગૌરવ દિવસ ઊજવાયો હતો.

'માતૃભાષા ગૌરવ દિન'ને અનુલક્ષીને ડૉ. નરોત્તમ વાળંદે, સુરતમાં 'વિચારગોષ્ઠિ' સભામાં, ભરૂચની એમિટી શાળા શ્રવણ વિદ્યાધામ શાળામાં પ્રવચન આપ્યું હતું.

કે. જે. સોમૈયા કૉલેજ, મુંબઈ ખાતે દલિત સાહિત્ય વિશે સેમિનાર

તા. ૨૨-૨-૨૦૧૦ના રોજ કે. જે. સોમૈયા કૉલેજ, મુંબઈ ખાતે દલિત સાહિત્ય વિશે બહુભાષીય સેમિનાર યોજાઈ ગયો. જેમાં 'ગુજરાતી ટૂંકી વાર્તામાં માનવસંબંધો' વિશે ડૉ. મોહન પરમાર તથા 'ગુજરાતી દલિત કવિતા' વિશે પ્રો. વિનોદ ગાંધીએ વ્યાખ્યાનો આપ્યાં હતાં.

## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




[**'કથા-કલરવ' :** સુમંત રાવલ, પ્ર.આ. ૨૦૦૮, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૧૦+૧૬૨, કિં. રૂ. ૧૦૦/-]

ગુજરાતી સાહિત્ય પરિષદની શતાબ્દી ગ્રંથશ્રેણીના ૩૫મા પુસ્તક તરીકે 'કથા-કલરવ' વાર્તાસંગ્રહ પ્રગટ થઈ રહ્યો છે. આ સંગ્રહના લેખક સુમંત રાવલની ૧૮ નવલકથાઓ અને છ વાર્તાસંગ્રહો પ્રકાશિત થયા છે. એમના 'ઘટનાલય' વાર્તાસંગ્રહને ગુજરાત સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયું છે. તેઓ સારા વાચક પણ છે. 'ચાંદની' અને 'આરામ' જેવાં વાર્તા-સામયિકોએ તેમને વાર્તાલેખનની દિશામાં પ્રેર્યા છે. ઉપરાંત 'નવનીત-સમર્પણ', 'ચિત્રલેખા', 'શબ્દસૃષ્ટિ', 'પરબ' ઇત્યાદિ સામયિકોમાં એમની વાર્તાઓ સતત છપાતી રહી છે. સુરતી મોઢ વણિકજ્ઞાતિના મુખપત્ર 'જ્યોતિર્ધર'ના સૌજન્યથી આ પુસ્તકનું પ્રકાશન થઈ રહ્યું છે.

વાર્તારસિક ભાવકો આ સંગ્રહને ઉષ્માભેર આવકારશે એવી આશા છે.

[**'નહિ વીસરાતા ચહેરા' :** પ્રફુલ્લ રાવલ, પ્ર. આ. ૨૦૦૯, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૧૨+૧૮૪, કિં. રૂ. ૧૧૦/-]




'નહિ વીસરાતા ચહેરા' એ પ્રફુલ્લ રાવલના ચરિત્ર-નિબંધોનો સંચય ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આચાર્ય કાકાસાહેબ કાલેલકર ગ્રંથાવલિ પ્રકાશન સમિતિના સૌજન્યથી પ્રકાશિત થઈ રહ્યો છે. શ્રી પ્રફુલ્લ રાવલ નિબંધલેખનમાં – વિશેષે ચરિત્રનિબંધો અને ચરિત્રોના લેખનમાં તેમજ લઘુકથાના સર્જનમાં માહિર છે. આ પુસ્તકમાં સાહિત્યકારોનાં ચરિત્રો છે, તો સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે સક્રિય વ્યક્તિઓનાં ચરિત્રો પણ છે. ચિત્રકાર કે પક્ષીવિદ કે વિજ્ઞાનીનો સમાવેશ પણ અહીં થયો છે. ચરિત્રાત્મક સાહિત્યનો તત્કાલીન સમાજના ઘડતરમાં મહત્ત્વનો ફાળો છે.

ગુજરાતી સાહિત્ય પરિષદની શતાબ્દી ગ્રંથશ્રેણીનું આ ૩૬મું પુસ્તક છે. સહૃદયો આ પુસ્તકને ઉમળકાભેર આવકારશે એવી અપેક્ષા.

## ગુજરાતી સાહિત્ય પરિષદ

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭





## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




[**'ગુજરાતી કવિતાચયન : ૨૦૦૬' :** સંપાદક : વિનોદ જોશી, પ્ર.આ. ૨૦૦૯, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૧૦+૧૦૬, કિં. રૂ. ૭૦/-]

કવિશ્રી કાન્ત શતાબ્દી સમિતિ અને શ્રી બ. ક. ઠાકોર શતાબ્દી સમિતિ તરફથી પરિષદને વર્ષનાં ઉત્તમ કાવ્યો પ્રગટ કરવા માટે રૂ. ૧૫,૦૦૦/-નું દાન મળ્યું હતું. એમાંથી 'નવમા દાયકાની કવિતા' શીર્ષક હેઠળ ૧૯૮૧થી ૧૯૯૦ સુધીના એક દાયકાનાં પ્રતિનિધિ કાવ્યોનો સંચય પ્રગટ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૯૯૧થી ૨૦૦૭ના વર્ષ સુધી નિયમિત રીતે પ્રતિ વર્ષ 'ગુજરાતી કવિતાચયન' પ્રગટ થતાં રહ્યાં છે. કાન્ત-બ.ક. ઠાકોર ગ્રંથમાળાના ૧૬મા મણકા રૂપે આ ચયન પ્રકાશિત થાય છે.

વરસોવરસ પ્રગટ થતાં રહેતાં આ ચયનોને ગુજરાતી કવિતાના ચાહકો-ભાવકો તરફથી સારો પ્રતિભાવ મળતો રહ્યો છે. વર્ષ દરમ્યાન પ્રગટ થયેલાં ગુજરાતી સામયિકોમાંથી પસાર થઈને આ 'ગુજરાતી કવિતાચયન : ૨૦૦૬'નું સંપાદન શ્રી વિનોદ જોશીએ કરી આપ્યું છે. વિનોદભાઈ કાવ્યમર્મજ્ઞ છે અને તેમનું કવિતા અને વિવેચનક્ષેત્રે પ્રદાન છે. ભાવકો આ સંચયને આવકારશે એવી અપેક્ષા છે.

[**'ગુજરાતી કવિતાચયન : ૨૦૦૭' :** સંપાદક : સંજુ વાળા, પ્ર.આ. ૨૦૦૯, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૧૪+૧૩૦, કિં. રૂ. ૮૫/-]




ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ૧૯૯૧થી શરૂ થયેલી ગુજરાતી કવિતાચયનની કાવ્યયાત્રામાં કાન્ત-બ.ક. ઠાકોર ગ્રંથમાળાનો આ ૧૭મો મણકો છે. 'ગુજરાતી કવિતાચયન : ૨૦૦૭'ના સંપાદક શ્રી સંજુ વાળા છે. એક વર્ષનું સંપાદન વ્યાપક રીતે કાવ્યસર્જનની પ્રવૃત્તિનું નિર્ણાયક પરિબળ ભલે ન બને; પરંતુ એવું સંપાદન સર્જાતી કવિતાનો આછોપાતળો ચહેરો જરૂર ઉપસાવી શકે છે. એ દૃષ્ટિએ જે-તે વર્ષના કવિતાચયનનું મૂલ્ય સ્વીકારવું ઘટે. વરસોવરસ પ્રગટ થતાં આ ચયનોને ગુજરાતી કવિતાના ચાહકો તરફથી સારો પ્રતિભાવ મળતો રહ્યો છે.

આ ચયનના સંપાદક શ્રી સંજુ વાળાના બે કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા છે. આ ઉપરાંત તેમણે કવિતાનાં સંપાદનો પણ કર્યાં છે.

ભાવકો આ સંચયને ઉષ્માભેર આવકારશે એવી આશા છે.

## ગુજરાતી સાહિત્ય પરિષદ

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭